જૈન-દર્શન પરિચય શ્રેણી

શ્રેણી : ૩ પુસ્તક-૧

# ભગવાન મલ્લિનાથ

જયભિખ્ખુ

કુમારપાળ દેસાઈ



શ્રી જયભિ

શ્રી યુ. એન. મહેતા અને શ્રીમતી શારદાબહેન યુ. મહેતા

જૈનદર્શન – પરિચયશ્રેણી

શ્રેણી ૩ : પુસ્તક ૧

# ભગવાન મલ્લિનાથ

□

લેખક

'જયભિખ્ખુ'

કુમારપાળ દેસાઈ

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,

પાલડી, અમદાવાદ–૩૮૦ ૦૦૭

પ્રથમ આવૃત્તિ : જુલાઈ ૧૯૮૯

સર્વ હક્ક લેખકના

ચાર પુસ્તકના સેટની કિંમત : રૂ. ૩૦

□

: પ્રકાશક :

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ૧૩/બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭

□

: મુદ્રક :

કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

□

: વિક્રેતા :

* આદર્શ પ્રકાશન, જુમ્મા મસ્જિદ સામે, ગાંધીરોડ
અમદાવાદ–૩૮૦ ૦૦૧

* કુસુમ પ્રકાશન, ૬૧/એ, નારાયણનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, અમદાવાદ–૩૮૦૦૦૭–ફોન : ૪૧૦૯૫૯

# હૂંફાળો આવકાર

જૈનદર્શન – પરિચયશ્રેણીની ત્રીજી શ્રેણી પ્રગટ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. સરળ અને પ્રવાહી શૈલીમાં ધર્મ વિશેની સાચી સમજ કેળવાય તે રીતે જૈનદર્શનની વ્યાપક ભાવનાઓ આપવાનો અમે પ્રયાસ કર્યો છે. જૈનદર્શનનાં અનેકવિધ પાસાંઓ અને એ ભવ્ય – શાશ્વત દર્શનથી પોતાનું જીવનઘડતર કરનારી વિભૂતિઓનો પરિચય આપવાનો હેતુ અહીં રખાયો છે. આ યોજના અન્વયે પચાસ પુસ્તકો પ્રગટ કરવાનો અમારો આશય છે. અમને જણાવતાં આનંદ થાય છે કે આ પ્રકાશનમાં ટોરન્ટ લૅબોરેટરીઝના સેવાભાવી અગ્રણી શ્રી યુ. એન. મહેતાનો સાથ અને સહકાર સાંપડ્યો છે.

માનવજાતિને પ્રેરણા આપનારા ધર્મતત્ત્વની સાચી સમજ આપનારા તત્ત્વની આજે ખૂબ જરૂર છે. આજે ધર્મની વાતો ઘણી થાય છે. ક્રિયાઓ અને ઉત્સવો થાય છે. ક્યાંક રૂઢિ અને પરંપરાઓના જડ ચોકઠામાં ધર્મને સંકુચિત બનાવી દેવામાં આવ્યો છે, તો ક્યાંક ધર્મ સ્વાર્થી હેતુ માટેનું સાધન બની ગયો છે ત્યારે ધર્મપુરુષોનું જીવન અને માનવતાનાં મૂલ્યો પ્રગટાવતી જૈનદર્શન – પરિચયશ્રેણી સહુને ગમી જશે તેવી શ્રદ્ધા છે. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બૉર્ડિંગ જેવી સંસ્થાઓએ આ પ્રવૃત્તિમાં અમને હૂંફ આપી છે. પ્રથમ શ્રેણીને જે સુંદર આવકાર મળ્યો છે એથી અમારી આ પ્રવૃત્તિને નવો વેગ મળ્યો છે.

— પ્રકાશક

## જૈનદર્શન-પરિચયશ્રેણી

શ્રેણી-૩

૧

ભગવાન મલ્લિનાથ

લેખક

'જયભિખ્ખુ'—કુમારપાળ દેસાઈ

૨

ઉપાધ્યાય શ્રીયશોવિજયજી

લેખક

રમણલાલ ચિ. શાહ

૩

શ્રી વીરચંદ રાઘવજી ગાંધી

લેખક

પન્નાલાલ ર. શાહ

૪

ભગવાન મહાવીરનો અનેકાન્તવાદ

લેખક

દલસુખભાઈ માલવણિયા

**સેટની કુલ કિંમત ૩૦ રૂપિયા**

# ભગવાન મલ્લિનાથ

□

પૃથ્વીના સંતપ્ત હૃદય પર, મેઘ પોતાના આશીર્વાદ મોકલે એમ, મિથિલાની વસંતમહોરી પૃથ્વી પર કુમારી મલ્લિકા જન્મ્યાં. જન્મ્યાં તો મનુજબાળ તરીકે, પણ આભા ને રૂપ દેવી લઈને આવ્યાં. અવતર્યાં તો પુત્રી તરીકે, પણ પૌરુષ ને પ્રતાપ એવાં લાવ્યાં, કે પુરુષો પણ એમની પાસે નમ્યા, ને ભગવાન મલ્લિનાથને નામે એમને પૂજ્યાં. સહુએ એક વાર ઊંડું આત્મનિમજ્જન અનુભવ્યું ને કહ્યું : 'ભલા, કોણ સ્ત્રી, કોણ પુરુષ! જેનું અંતર અને આત્મા મોટાં એ મોટું! આત્માની જ્યેષ્ઠતા એ જ શ્રેષ્ટતાનું સાચું કારણ!'

પાષણમાંથી પણ દયાનાં ઝરણ ફૂટે, એમ આવાં વિશ્વવ્યાપી દયા–માયાવાળાં કુંવરી સાત્ત્વિક કુળોમાં નહિ, પણ રાજસી કુળમાં જન્મ્યાં. જન્મવા માટે એમણે રાજકુળ પસંદ કર્યું, જ્યાં વાસના, વિકાર ને વૈભવની વ્યાકુળતા વિવાહમંડપની જેમ ઘેરો ઘાલી બેઠી હતી. પણ ભલા, નવમલ્લિકાના પુષ્પને પ્રફુલ્લવા માટે તો ધોમધખતો ગ્રીષ્મ જ જોઈએ ને!

રાજબાગમાં પ્રફુલ્લેલા આ મલ્લિકા-પુષ્પે પોતાના પરિમલોથી દશે દિશા મઘમઘાવી મૂકી.

અવન્તિ, મદ્ર, કાશી, કોશલ ને મગધ, અભિનવ સૌંદર્યની ખોજમાં બધે ફરીને આવનારા રાજદૂતો પોતાના રાજવંશી જનોને, સર્વ શાસ્ત્રોના સાર જેવી વાત, એક આંખ અર્ધમીંચી કરીને કહેતા :

'ફૂલ તો ઘણાં જોયાં, પણ મલ્લિકાથી હેઠ!
'એની પાસે તમારાં આ જાઈ, જૂઈ, ચંપો નકામાં!
'નકામાં છે આ અંતઃપુરો ને નિર્માલ્ય ધન જેવી છે
આ અસૂર્ય પશ્યાઓ!'

'હેં, એ શું કીધું? કયા બાગનું ફૂલ!' સિંહાસન પરથી અડધા ઊભા થઈ જઈને એ રાજવંશીઓ પ્રશ્ન કરતા, ને રસઝરતા અર્ધખુલ્લા મોંએ શેષ વાત સાંભળવા અધીરા બનતા. પણ રાજદૂતોય કંઈ કાચા ગુરુના ચેલા નહોતા. આવું અતિ મહત્ત્વનું રહસ્ય પ્રગટ કરવા બદલ મન-માન્યા પારિતોષિક માટે એ હાથ લંબાવતા.

'અરે, આવી મહત્ત્વની વાત કહેવામાં આવો વિલંબ તે કેમ પોષાય? કેવા છે આ લાલચુ જનો!' રાજવંશીઓ પોતાના દેહ પરના અલંકાર-આભૂષણોમાંથી જે જલદી નીકળી શકે તેવાં હોય તે કાઢીને આપી દેતાં કહેતા : 'આવી વાતોમાં ઇનામ તો અનિવાર્ય હોય છે; પણ તમારે પહેલેથી આવી લાલચ રાખવી અઘટિત છે. દુનિયામાં કદરદાની પણ કોઈ વસ્તુ છે ને!'

પણ રાજભૃત્યો નગદ નારાયણના પૂજારી હતા. આવી બાબતોમાં તરત દાન ને મહાપુણ્ય માનતા. એ આભૂષણને આમ તેમ ફેરવી, જાણે કિંમત કરતા હોય તેમ – ને એની કિંમત સાથે કહેવાની વાતના મૂલને મૂલવતા હોય તેમ – ઘડીભર થોભતા. રાજવંશી જનોની ધીરજ ખૂટી જતી ને એકાએક કમર પરની તલવાર પર હાથ જતો.

ભલા, એમ કેમ ન થાય? એ કાળના રાજવંશીઓ શૃંગાર એ જ રસનું અવલંબન કરતા. આ બે જાણીતાં રસલક્ષણોમાં પહેલું લક્ષણ સૌંદર્યમૂર્તિઓથી અંતઃપુર ભરવાં ને બીજું, ગમે તેવા કારણસર લડાઈઓ જગાવી ભારે યુદ્ધ ખેલવાં. લડવાના ને લગ્નના આ બંને શુભ કાર્યોમાં મૃત્યુનીય પરવા ન કરતા! સંહારનીયે ચિંતા ન કરતા! કારણ કે એ સંહારનાં તો કવિઓ કાવ્યો રચતા, ને એ યુદ્ધનાં તો મહાકવિઓ મહાકાવ્યો આલેખતા. એમાં જીવતાંય સુખ હતું, મર્યે પણ સુખ હતું, જીવતાં સુંદરી ને સિંહાસન હતાં, મર્યે સ્વર્ગ ને સુરાંગનાઓ હતી.

રાજવંશીઓનું ત્રીજું શિવનેત્ર પ્રગટ થયેલું જોતાં જ, રાજદૂતો પોતાની વાત આગળ ચલાવતા. છતાંય એ ધીટ લોકો પોતાનું દોઢડહાપણ તો વાપરતા જ! જરાક કાવ્યમય બાનીમાં તેઓ કથતા :

'રાજ–બાગમાં એમ તો અનેક ફૂલડાં પ્રફુલ્લે છે, એમાં એકાદને બાદ કરતાં બધાં શ્રી ને શોભાભર્યાં જ હોય છે, પણ મિથિલાના રાજવીના ઉદ્યાનમાં ખીલેલું આ પુષ્પ

ખરેખર અભૂતપૂર્વ છે. નજરે જેણે જોયું છે, એ તો દીવાના થઈ ગયા છે; પણ જેણે એનું વર્ણન સાંભળ્યું છે એ પણ ઘાયલ થઈને તરફડતા પડ્યા છે. કવિઓ કહે છે, કે પૂરાં હજાર વર્ષે આવો સૌંદર્યશશિ પૃથ્વી પર અવતાર ધરે છે, અને એ પ્રાપ્ત કરવા માટે તો અનેક જન્મનાં પુણ્ય જોઈએ છે.'

વાતમાં ભારે મોણ નંખાયું હતું!

'એનાં નામ-ઠામ!' રાજવંશીઓ આ દીર્ઘસૂત્રી રાજદૂતોથી કંટાળીને બૂમ પાડી ઊઠતા.

'એનું નામ કુમારી મલ્લિકા; મિથિલાનાં એ રાજકુંવરી. પહેલા ખોળાની પુત્રી! સાત ખોટની! પુરાણ કાળમાં જ્યાંની એક રાજકુમારી સીતાને પરણવા લંકેશ્વર રાવણે પોતાની સોનાની નગરી સળગાવી દીધેલી, ને પોતાની જાતને પણ દીપક પર પતંગ મરે તેટલી આસાનીથી અર્પણ કરી દીધેલી, એ દેશની નવયૌવના રાજકુમારી! માબાપને મન કુંવરી કુંવરથી પણ સવાઈ! એની મર્યાદા કોઈ ન લોપે! એને પગલે કંકુ ઝરે! વચને હીરા ગરે. એનું હાસ્ય ઉઘાડી તલવાર મ્યાન કરાવે! અધરમાંથી તો જાણે નર્યો અમીરસ ઢળે! પૂરાં પુણ્ય હોય એને પેટ આવી પુત્રી પાકે! ને પૂરાં પુણ્ય કર્યાં હોય એ આવી પદ્મિની પામે.'

'મૂર્ખાઓ, પહેલાં ગુણની વાત હોય કે રૂપની! આકૃતિ ગુણને કહે, એ વાત કેમ ભૂલ્યા? કોયલ ગમે તેટલી મીઠી હોય, પણ કોઈએ પાંજરે પાળી? રૂપ કેવું?'

'મારા રાજ, અંધારામાં અજવાળાં કરે તેવું. ચામડી તો સોનેરી મૃગ જેવી! આંખો તો આ શતદલ ને પોયણાંથી સુંદર! એમની રોમરાજી કેસરથી મૂલવાય છે. એમના મુખને ચંદ્રથી પણ વધારે નિષ્કલંક ને કમળથી વધુ શ્રીભર્યું જોઈ કવિઓ પણ મૂંગા થઈ 'નેતિ, નેતિ' કહે છે.'

'પણ એનાં બીજાં અંગપ્રત્યંગોનું વર્ણન!' શૃંગારિક કાવ્ય આસ્વાદવાના શોખીન રાજવીઓ વધુ રસભરી રૂપ આનીની માગણી કરતા.

'નેતિ! નેતિ! મહારાજ! એ વર્ણન શક્ય નથી. એની અદબ કરવાનું મન થાય એવું એ સૌંદર્ય છે.'

'નિરર્થક, અડધી વાતમાં તે શી મજા? રે માનસરોવર પર કાગડાઓને મોકલવા નિરર્થક છે, ત્યાં તો ક્ષીર–નીરના વિવેકી હંસને જ મોકલવા ઘટે. અરે, છે કોઈ ચિત્રકાર? જાઓ, ને કોઈ પણ ઉપાયે મિથિલાની એ રાજકુંવરીનું ચિત્ર દોરી લાવો. મોં-માગ્યાં ઇનામ મળશે.'

પીઠ પાછળ બડબડવાની આદતવાળા રાજદૂતો 'કાગડાને મિષ્ટાન્નનો શો આસ્વાદ! એને તો જોઈએ....' આવું આવું બબડતા મળ્યું તેટલું ઇનામ લઈને બહાર નીકળી જતા.

ચિતારાઓની એક ફોજ મિથિલા તરફ રવાના થતી દેખાતી. દુનિયામાં પુરસ્કારનું પરિબળ ભારે છે!

[ ૨ ]

જે કાળે ઊડતા પંખી જેવો પુરુષ હતો, ને વહેતા ઝરણ સમી સ્ત્રી હતી, એ કાળની આ વાત છે. જગતના જેટલાં રમ્ય ઉપવનો હતાં, એનાં મિષ્ટ ફળફૂલો અપ્રતિબદ્ધભાવે પુરુષ આસ્વાદતો, શેષ સ્ત્રી આસ્વાદતી. સ્ત્રી ગાતી, નાચતી, સૂકાં મેદાનો હરિયાળાં બનાવતી; છતાં આખરે તો જેવી હોય તેવી પૃથ્વીનું અવલંબન કરીને રહેતી.

સ્વૈરવિહાર પુરુષને ધર્મ્ય હતો. સ્ત્રીને શિરે અનેક મર્યાદાઓ મઢાયેલી હતી. કર્મના રસિયા પુરુષે ધર્મ સ્ત્રીઓને સોંપ્યો હતો, ને પોતે રંગબેરંગી પતંગિયાની જેમ ઠેર ઠેર સ્વછંદે ઘૂમ્યા કરતા, ને મધુવનનાં પુષ્પ-મધુ ચૂસ્યા કરતા. ક્યાંય નવું તાજું સૌંદર્યપુષ્પ ખીલ્યું છે કે નહિ, એની સદા સદૈવ ભાળ રાખ્યા કરતા, ને ક્યાંયથી એવા ખબર આવ્યા કે સહુ સાથે ઝંપલાવતા.

એ વેળા ભયંકર કોલાહલ મચી જતો. ભારે મારામારી જામતી. એ યુદ્ધોમાં મરીને કેટલાય યોદ્ધાઓ સ્વર્ગમાં જતા ને કેટલાય અપંગ થઈ પૃથ્વી પર નરક આસ્વાદતા, પણ પેલા જક્કી પતંગો કાં તો સૌંદર્યપુષ્પને ચૂંટી લેતા – છૂંદી દેતા યા એમાં જ પોતે યાહોમ કરીને સ્વાહા થઈ જતા.

જે સ્વાહા થઈ જતા, એનાં કવિઓ કીર્તિ-સ્તોત્રો રચતા ને સ્વાહા થનારનાં સંતાનો એ; કીર્તિસ્તોત્રનું શ્રવણ કરી પૂર્વજોને પંથે પળતા. આ સદાની કહાણી હતી.

એ કાળે મિથિલામાં રાજા કુંભ અને રાણી ધારિણીની ભારે આરાધના પછી રાજકુમારી મલ્લિકા જન્મ્યાં. રૂપમાં અજોડ, ગુણમાં અજોડ! પણ તેજ ન હોય તો રૂપ શા કામનું! ત્યાગ ન હોય તો ગુણ શા કામના!

સહુ જ્યારે રાજકુમારીનાં વખાણ કરતાં, ત્યારે કુંવરી હસીને કહેતાં: 'રૂપ તો સાચું અંતરનું, એ રૂપાળું ન હોય તો આ રૂપ તો ઠગારું છે.'

સહુનાં અંતર આ બાળકુંવરીના કાલા કાલા બોલ પર ઓળઘોળ થઈ જતાં.

કુંવરી એવાં શુભ પગલાંનાં કે એમની પછી રાજનો પાટવી કુંવર જન્મ્યો. પ્રજાએ ઉત્સવ આરંભ્યો તો રાજાજીએ કહ્યું: 'મારે મન કુંવરી મલ્લિકા કે નવતજા કુંવર મલ્લ બંને સરખાં છે.'

'પણ રાજસિંહાસન તો કુમાર મલ્લને મળશે ને?' પ્રજાજનો પ્રશ્ન કરી બેસતા.

'જરાય નહિ, રાજકુમારી મલ્લિકા સિંહાસન શોભાવશે. કઈ વાતે એ ઓછી – અધૂરી છે કે એને સિંહાસન ન મળે?' પિતા પોતાના મનની મોટાઈ બતાવતા.

પણ લોક કહેતું: 'ગમે તેમ તોય દીકરી ને! એ તો પારકા ઘરની લક્ષ્મી! ખરો ઉત્તરાધિકારી તો રાજકુમાર મલ્લ!'

પણ મોટા થયેલા કુમાર મલ્લે જ્યારે એક દહાડો જાહેર કર્યું કે, 'મારા પૂજ્ય મોટાં બહેન મલ્લિકા રાજ-

ગાદી સંભાળશે. હું તો એમની સેવામાં રહી આજ્ઞા ઉઠાવીશ.' ત્યારે સહુના આશ્ચર્યનો પાર ન રહ્યો. અરે, જમીનના એક ટુકડા માટે લોક લીલાં નાળિયેરની જેમ મસ્તક વધેરે છે, તો આ તો આખા મિથિલાના રાજપાટની વાત!

પણ આ ભાઈ-બેન જાણે જુદી માટીમાંથી ઘડાયાં હતાં. એમાં સ્વાર્થની તો જાણે બૂ પણ નહોતી. ભાઈ એક તરફ આમ કહેતો ત્યારે વળી રાજકુમારી મલ્લિકા તો જુદી જ વાત કરતાં. એ કહેતાં:

'પિતાજી, રાજ તો કરવું છે, પણ જમીન પર નહિ, લોકોનાં અંતર પર. એક દિવ્ય સામ્રાજ્યની કલ્પના મગજમાં સતત ઘૂમ્યા કરે છે. સંતોષ એનો ખજાનો, અહિંસા એનો રાજદંડ, સત્ય એનું સૈન્ય! એના ભંડારો પ્રજાના ઘરમાં ભર્યા હોય, એની શક્તિ પ્રજાના બાહુમાં હોય. મારા સામ્રાજ્યનો પહેલો સંદેશ એ હશે કે દેહના એક સુખ માટે આત્માના અનંતા સુખને ઠોકરે ન મારશો! મારો પહેલો રાજઆદેશ એ હશે કે સુવર્ણ જેવી માટી માટે ને રત્ન જેવા પાષાણ માટે અંતરનાં અમી ફગાવી ન દેશો.'

અયોધ્યાના રાજવી આવાં સુલક્ષણાં પુત્રીપુત્રથી ધન્યતા અનુભવતા. બાકી રાજકાજમાં તો કોણ બાપ ને કોણ બેટો! કોણ વીરો ને કોણ વીરી! સ્વાર્થ ન સર્યો તો સગો બાપ પણ શત્રુ!

સંસારમાં સંપત્તિ માટે કયાં પાપ નથી આચરાયાં ?

આવી નગરીમાં દેશ દેશના શાહી ચિતારાઓ ઊતરી પડ્યા. તેઓ મિથિલાની અનેક સુંદરીઓનાં ચિત્ર કરતા. પદ્મિનીઓ ને ચિત્રિણીઓને તાદૃશ રંગ ને રેખામાં સજીવ કરતા, પણ જાણકારો તો એ જોઈને ડોકું ધુણાવી કહેતા : 'આમાંની એકે સુંદરી, કુમારી મલ્લિકાના નખના સૌંદર્યને પણ મળતી આવે તેમ નથી !' અને પછી ઉમેરતા કે 'ભાઈ, જેણે એ રૂપ જોયું નથી, એ ભલે કંઈ આડું અવળું ચીતરી લે. પણ જેણે એ રૂપમાધુરીનાં દર્શન કર્યાં છે એ તો જાણે સર્વથી ઉપશાન્ત થઈ બધી જંજાળ મૂકીને મગ્ન બની ગયા છે; સંસારની સદાની રૂપ લાવણ્યની ભૂલભુલામણીમાંથી એ તરી ગયા છે. માટે આ મિથ્યા યત્ન છાંડી વહેલાસર બીજે ધંધે વળગી જાઓ તો સારું !'

કેટલાક ચિતારા પોતાના ખડિયા–પોટલા બાંધે નાખી મિથિલા છોડી જતા, પણ વત્સનો પ્રખ્યાત ચિતારો વસંત-સેન એમ હાર કબૂલ કરે તેવો નહોતો. ચિત્ર ન નિર્મિત કરી શકાય તો પ્રાણના ઉત્સર્ગની પ્રતિજ્ઞા લઈને એ આવ્યો હતો.

પ્રબળ પ્રયત્નને અંતે હંમેશ પરિણામ સામે જ ખડું હોય છે. ચિતારા વસંતસેનને એક દહાડો રાજકુમાર મલ્લના રંગભવન માટે આમંત્રણ મળ્યું.

વસંતસેનને જાણે માગ્યું સ્વર્ગ મળ્યું !

[ ૩ ]

નીર અને પવિત્રતા, આકાશ અને નિર્મળતા, હવા અને શીતલતા, આજે એક સાથ આવી વસ્યાં હતાં. સરયુના પવિત્ર તીર પર, વસંતની એક નિર્મળ રાત્રિ તારાઓથી ભરેલી પ્રકાશી રહી હતી. મંદ શીલત મલયાનિલ આમ્ર-વૃક્ષોમાંથી વેણુ બજાવતો વહેતો હતો. પૃથ્વી આજ માની ગોદ જેવી મીઠી લાગતી હતી. વિકરાળ વનેચરો આજ સ્વજન જેવાં ભાસતાં હતાં!

કોઈ દિવસ નહિ ને આજે આ ભયભર્યાં સરયુ તીરોમાં એકાએક ફેરફાર કાં? રાજકુમાર મલ્લનું રંગભવન નિર્માણ કરી રહેલ ચિતારો વસંતસેન આજ વગર કારણે આહ્લાદ અનુભવી રહ્યો હતો. આવ્યો હતો રંગભવન માટે એકાદ સુંદર દૃશ્ય સંગ્રહી લેવા, પણ એ બધું ભૂલીને વનશ્રીની અજબ મસ્તી માણી રહ્યો. એને તમામ કામકાજ મૂકી દેવા જેવું લાગ્યું. તમામ રંગો સરિતાજળમાં વિસર્જન કરવા જેવા લાગ્યા. આવી પવિત્ર પળ – ક્યારેક જ આવતો આવો વખત – શાંતિથી ગુજારવા જેવો, રાત માણવા જેવી, ને હવા આસ્વાદવા જેવી લાગી રહી. જો એમ ન હોત તો ત્યાં પેલું નાગબાળ અને નકુલબાળ શા માટે હેતથી એક સાથે ખેલી રહ્યાં હોત!

ચિતારો વસંતસેન સૃષ્ટિના આ મોહિની રૂપને નીરખી રહ્યો. નકામા હતા એના હાથ અને નિરર્થક હતા એના

રંગો! કારણ કે પૃથ્વી રંગ ને આકાર કરતાં રસ અને ગંધમાં વધુ વ્યાપ્ત હતી; ભૌતિક કરતાં દૈવિક શોભા વિશેષ ધારીને બેઠી હતી.

અને એ શોભા સ્વયં દેહ ધારીને આવી હોય, એમ પાસેની આમ્રકુંજોમાંથી નીકળીને આવતી એક નારી દેખાઈ. સંસારનું સમસ્ત સૌંદર્ય દેહ ધારીને આવતું હોય, ચંદ્રની જ્યોત્સ્ના નારીરૂપે વિહરવા નીકળી હોય, પુષ્પોનો પરાગ નારીની પ્રતિકૃતિ ધરીને પસાર થતો હોય એવો એને ભાસ થયો. પ્રકૃતિના પરિવર્તનનું કારણ સમજાયું. આત્મતેજથી ઝળહળતી એવી કઈ વિભૂતિના પગલે વિશ્વ પલટાયું નથી.

મેઘના ગંજ વચ્ચે વીજળીનો એક સળવળાટ થાય ને પાછો અદૃશ્ય થઈ જાય – એવું એ દર્શન હતું; પળવારનું, દૃષ્ટિભરનું !

પણ એમાં શું પ્રચંડ બળ રહ્યું હતું! હજારો કૌમુદિનીની શીતલતા ને સહસ્ર સૂર્યોના તેજથી દમકતા એ મુખ તરફ એક નજર નાખી ન નાખી, અને ચિતારો સુધબુધ સર્વ વિસરી ગયો. આત્માની સ્વસ્થતા હરી લે એવું સૌંદર્ય નહિ, પણ દેહને એને ચરણે ન્યોછાવર કરાવી દે એવું દિવ્ય તેજ ત્યાં વિરાજતું હતું. સદા સુંદર સ્ત્રીદેહો ચીતરવામાં જેણે પોતાની નિપુણતા દાખવી હતી, આજ એ જ ચિતારાને એક સ્ત્રીદેહે સમાધિસ્થ બનાવી નાખ્યો. એક ક્ષણ એ પવિત્ર તેજોમય દેહ નીરખીને એણે નેત્ર મીંચી લીધાં; પણ જાણે અંદરના – અંતરના ફલક પર એ દિવ્ય

દેહની તેજોરેખાઓ એ સંભાળીને સંગ્રહી રહ્યો; અંતરમાં એક નવું તાદૃશ ચિત્ર ભારે તન્મયતાથી ખડું કરી રહ્યો !

પલાશ વૃક્ષના થડને ટેકે, એ ચિતારો આંખો મીંચીને ન જાણે ક્યાં સુધી બેસી જ રહ્યો. વસંતની રાત એમ ને એમ વહી ગઈ. તારાઓ એમ ને એમ ઝાંખા થઈ ગયા. અડધી રાતથી ટહુકતી કોયલ પણ ચિતારાને જગાડવા ટહુકી ટહુકીને જંપી ગઈ. પલાશ વૃક્ષનાં પુષ્પો – કેસૂડાંએ નીચે જાજમ બિછાવી દીધી, પણ ચિતારા વસંતસેનની આંખો હજુય નિમિલિત હતી, એનો દેહ નિશ્ચેષ્ટ હતો.

પૂર્વાકાશમાં સૂરજદેવતા ઝગમગી ઊઠ્યા, સરોવરમાં કમળ ખીલી ઊઠ્યાં પણ ચિતારો તો દિશા, કાલ, સમયભાન બધાનું ભાન ભૂલી બેઠો હતો. એ વેળા કોયલના જેવો કોઈ ટહુકો સંભળાયો, નુપૂરનો મિષ્ટ ઝંકાર થયો.

'ચિતારાજી, શું દિવ્ય સમાધિમાં લીન થયા છો !' અવાજમાં સામાન્ય માનવીને મોહ પમાડે તેવી મીઠાશ હતી. પણ ચિતારો તો હજીય સમાધિસ્થ હતો.

'ચિતારાજી, હું આવી. જેને તમે આજે તેડાવી હતી એ મિથિલાની માયાદેવી હું પોતે !' રમણીએ પોતાના હાથનું લીલાકમળ ચિતારાના મોં પર ધીરેથી રમાડતાં કહ્યું. પણ ચિતારો કોઈ દિવ્ય સમાધિમાં પડ્યો હતો.

મિથિલાના રસિક જનોમાં પોતાના ભભકતા સૌન્દર્યથી જાણીતી પણ્યાંગના માયાદેવી જરા ખસિયાણી પડી ગઈ. પણ ભારત-પ્રખ્યાત ચિતારાના હાથે પોતાની રૂપસુંદર

કાયાના અવયવે અવયવને તાદૃશ ચિત્રિત થયેલાં જોવાનો એનો મોહ હતો. એ જરા વધુ નજીક સરી, ને ચિતારાના ખભા સાથે ખભો મિલાવતાં જોરથી એના કાનમાં કહ્યું:

'ચિતારાજી, જાગો. જાગો! હું મહામાયા— રાજકુમાર મલ્લના રંગભવનમાં વાસંતિકા ચિતરવા માટે જેને પ્રતિકૃતિ બનવા બોલાવી હતી તે હું. જરા એક આંખ આ દેહની શોભા ઉપર તો નાખો!'

ચિતારો નિદ્રામાંથી જાગતો હોય એમ જાગ્યો. એણે ધીરેથી નેત્ર ઉઘાડચાં, ને ફરીથી તરત બંધ કરી દીધાં.

'કેમ, કેવું રૂપ ચિતારાજી!' રમણીએ જરા ગર્વમાં કહ્યું. એને લાગ્યું કે ચિતારો પોતાનું રૂપ નિહાળી મુગ્ધ બની ગયો.

'દિવ્ય રૂપ, રમણી!' ચિતારાના કંઠમાં કવિતા જાગી હતી!

'પહેલાં કદી નીરખ્યું હતું?'

ચિતારાએ ડોકું ધુણાવી ના કહી.

'જાણો છો, આ રૂપના દર્શન માટે આર્યાવર્તના રાજવીઓ પોતાનો અડધો ખજાનો ખાલી કરવા તૈયાર છે. આ પગની પાની પર મેંદી મૂકવા માટે મરી ફિટતા માનવીઓ, મારા વિરહથી ક્રૂરતા કાયકષ્ટ સહી, મરીને સ્વર્ગમાં જઈ શકે છે, પણ મારી ગુલાબી પાની જોઈ શકતા નથી. મારા દ્વાર પર સુવર્ણમુદ્રાના થાળ લઈને અનેક શ્રેષ્ઠિઓનાં ને રાજવીઓનાં દાસ-દાસીઓ સદા તત્પર ખડાં છે. તેઓ

પોતાના સ્વામીની નમ્ર ભેટના સ્વીકારની કૃપા દીનવદને યાચી રહ્યાં હોય છે, છતાંય એ મળતી નથી!' રમણીના અવાજમાં ભારોભાર ગર્વ હતો.

'અને એવા ખરીદ-વેચાણ થતા રૂપ પર અભિમાન કરે છે, નારી! કોડીની કિંમતે વેચાય કે કરોડની કિંમતે વેચાય, જે વેચાણું એની કોઈ કિંમત નહિ! મિથિલાનાં મહામાન્ય માયાદેવી! જે દિવ્ય રૂપની હું વાત કરું છું, જેની ઝાંખી હજી પણ અંતરમાં ને આત્મામાં રણઝણી રહી છે, એ રૂપની પાસે તારું રૂપ સૂરજ પાસે આગિયા બરાબર નિસ્તેજ, નિર્માલ્ય ને નગણ્ય છે!'

'શું કહે છે, તું?' રમણીનાં ભવાં પર ક્રોધની તીરકામઠી ખેંચાઈ. 'શું કહે છે તું? ચિતારા, બતાવ કે આ મારા કમળદંડ જેવા બાહુથી પણ એના બાહુ વધુ સુંદર હતા? આ મારા કસ્તૂરી નાગ કરતાં એનો કેશકલાપ વધુ કાતીલ હતો? આ મારી સિંહકટિ કરતાંય એની કટિ વધુ લચકાળી હતી....અને....'

'થોભી જા, સુંદરી! આવી ગંદી વાતો છોડી દે! દેહની તે વળી શી મહત્તા! મળ-મૂત્ર, શ્લેષ્મ ને માંસથી ભરેલા અવયવોનું શું અભિમાન? આ સુંદર રંગો ગમે તેટલા સુંદર હોય, પણ જો કોઈ સુંદર છબી ન નિર્માણ કરી શકે, તો શા કામના? મરી ગયેલા માનવીને પણ તમામ અવયવો હોય છે; છતાં શા માટે એને આપણે પ્યાર કરતા નથી? એને શા માટે ચૂમતા નથી!'

'રે પ્રિય, તારી ઘેલી વાતો મારાથી સમજાતી નથી.'

'એનું એ જ કારણ છે, કે આજ સુધી આપણે જેને પ્યાર કરવો જોઈએ એને પ્યાર કર્યો નથી.'

'ચિતારાજી, પ્યારની વાત હું જાણું છું. જીવનભર એ વાતનો તો મેં વેપાર કર્યો છે. છતાં **એ** તત્ત્વજ્ઞાનની મને આજે જરૂર નથી. બુઢ્ઢી થઈશ ત્યારે ચેલી બનવા ચાલી આવીશ. આજે તો મારું રૂપ નીરખીને – મારી છબી રાજકુમાર મલ્લના રંગભુવનમાં ચીતરીને – મને અમર બનાવી દે!'

'તને ચીતરું હવે? હાય રે રમણી? અમૃતનો આહાર જમીને માનવી એંઠવાડ શી રીતે આરોગી શકે? જે રૂપ મારા દિલમાં, દેહમાં, અંતરમાં, આત્મામાં વસી ગયું છે, એ કેવી રીતે વિસારે પાડું? તને જોઉં છું ને એમ લાગે છે કે શું આવી કદરૂપી સ્ત્રીને હું ચીતરું? તારામાં સૌંદર્ય ક્યાં છે? સુશ્રી ક્યાં છે? વદન પર વિરાજતા એ તેજસ્વી રંગો ક્યાં છે! રમણી! તને નિરાશ કરતો હોઉં તો માફ કરજે! જેમ કોઈ કવિ અદ્ભુત એવા મહાકાવ્ય પાછળ પોતાની નાનીશી જિંદગી ખર્ચી નાખે છે, એમ હવે એ પરમ તેજોમયી, સૌંદર્યમયી નારીના ચિત્ર પાછળ આ જિંદગી વેડફાય તો વેડફી નાખવા ચાહું છું. રે, એ સોદો સાવ સસ્તો લાગે છે.'

'તું કોઈ સ્ત્રીના પ્યારમાં પડ્યો લાગે છે. અને તેથી

જ કાલ સુધી જે મહામાયાનાં વખાણ કરતાં થાકતો નહિ, એની જ નિંદા – અને તે પણ એના મોં સામે – કરે છે !'

'કોઈના પ્યારમાં પડવું એ શું ગુનો છે? પ્રેમ તો પ્રકૃતિનું દાન છે. બાળક માતાના પ્યારમાં પડે છે, ભાઈ બહેનના પ્યારમાં પડે છે; શું એમાં દોષ છે? દોષ માત્ર હોય તો તે દૃષ્ટિનો છે! દૃષ્ટિ પલટો એટલે દુનિયામાં પલટો દેખાશે.'

'જય સદ્ગુરુ! તો પ્રણામ! આપનું પ્રવચન સાંભળ્યું. જ્યારે માયાદેવી સામે જોવું પણ જીવનનો લ્હાવ છે, ત્યારે તું તેને તરછોડે છે? પણ હું શું કહું? દ્રાક્ષ પાકવાનો વખત થાય ત્યારે લીંબોળી ખાનાર કાગડાની ચાંચ પાકે, એમાં કોનો દોષ? આજે સૌન્દર્યનો સાગર તારા દરવાજેથી પાછો વળે છે. સંસારમાં સામે પગલે જવામાં સાર નથી, એ હવે સમજી. તમને પુરુષોને તો ધુત્કારવા, તિરસ્કારવા, આજીજી કરાવવી, પાછળ પાછળ ફેરવવા ને પછી કૃપાનો એક હાથ લંબાવવો, તો જ સીધા રહો. અસ્તુ! જે હો તે હો. જે સુંદર સ્ત્રી તને મળી હો, તે ગમે તે હો. મારો ગર્વ અખંડિત છે. મારું સ્થાન અચળ છે. હું જાઉં છું, પણ એટલું યાદ રાખજે કે તું આખરે પસ્તાઈશ, ઘરઘરની ઠોકરો ખાઈશ. તારો લીધેલો માર્ગ ખોટો છે.'

'કંઈ ચિંતા નહિ, નારી! જે પવિત્ર દર્શન લાધ્યું છે; એની એટલી કિંમત ચુકવવી પડે તોપણ કંઈ વિશેષ નથી. તને નિરાશ ન કરત, પણ હવે હું લાચાર છું. આ

હાથ હવે બીજું ચિત્ર નહીં દોરી શકે, આ આંખ હવે બીજા રંગો નહિ પૂરી શકે. આ આત્મામાં હવે બીજી કોઈ વ્યક્તિ નહિ વસી શકે.'

'ભલે, ચિતારા, પણ એટલું યાદ રાખજે કે એના ઇનામમાં રસ્તાની રજ સિવાય બીજું કશું નહિ મળે.'

'આહ, એ રજ પણ મારે મન કેટલી પવિત્ર હશે!'

અને ચિતારાએ દોડીને પળવાર જેનાં દર્શન થયાં હતાં એ અનામી સુંદરીના પવિત્ર સ્પર્શથી અંકિત રેણુને મસ્તક પર ચઢાવી લીધી.

પગ પછાડતી ચાલી જતી પેલી રમણીના ઝાંઝરનો ઝણકાર કેટલો મોહક હતો, એનો કંઈ પણ ખ્યાલ આ પાગલ ચિતારાને ન આવ્યો.

[ ૪ ]

રાજકુમાર મલ્લનું રંગભવન આખરે સંપૂર્ણ થયું. એમ તો દિવસોથી બીજું કામ પૂરું થયું હતું; માત્ર રંગભવનના રંગગૃહમાં એક ચિત્ર મૂકવાનું બાકી હતું. એ ચિત્ર પણ સિતારા વસંતસેને રાત દહાડાના ઉજાગરા વેઠી પૂરું કર્યું હતું.

આજે રાજકુમાર મલ્લ પોતાના અંતઃપુર અને મિત્રમંડલ સાથે એ નીરખવા આવ્યો હતો. ઘણા દિવસની આકાંક્ષા આજ પૂરી થતી હતી. એનું હૈયું આનંદમાં ડોલી રહ્યું હતું. અરે, દેશદેશના યાત્રીઓ આ જોવા આવશે

ત્યારે મોંમાં આંગળાં નાખી જશે અને જ્યારે પોતાની રાણીઓ સાથે પોતે આમાં વિહાર કરશે, ત્યારે શું સ્વર્ગ-ભવનની કે ઇંદ્રભવનની શોભા ઝાંખી નહિ પડે?

હોંશભર્યો રાજકુમાર મલ્લ નાના હરણબાળની જેમ છલાંગો મારતો રંગભવનનાં પગથિયાં ચડ્યો! શ્વાસભર્યો એ રંગગૃહના પ્રવેશદ્વાર પર જઈને ઊભો. પણ અરે, આ શું? જેવો ઊભો તેવો જ પાછો ફર્યો. એના હર્ષથી પુલકિત મોં પર એકાએક ગ્લાનિ કેમ ફરી વળી!

'શા માટે? શા માટે? અરે, રાજકુમાર કેમ પાછા ફર્યા?'

બધે કોલાહલ વ્યાપી ગયો, ને આકસ્મિક બનાવનું મૂળ તપાસવા સહુ ઊંચા–નીચા થઈ રહ્યા. પહેલે પગલે કઈ બિલાડી છીંકી? અરે, રાજકુમારો તો ભારે તરંગી હોય છે. વાતવાતમાં વાંકું પડી જાય! કારણ તો પૂછો!

રાજકુમારના મિત્રો કારણ પૂછવા લાગ્યા. કુમારની પત્ની શચીદેવી પતિને એકાએક પાછા ફરવાનું નિમિત્ત જાણવા ઉત્સુક બન્યાં. કુમાર મલ્લનો ચહેરો શરમથી શ્યામ થઈ ગયો હતો, લજ્જાભારથી મસ્તક ઊંચું થતું નહોતું. તો પછી વાત કરતાં જીભ તો કેમ ચાલે?

બહુ આગ્રહ થયો ત્યારે કુમારે કહ્યું: 'રંગભવનના મધ્યભાગમાં પૂજનીય બહેન મલ્લિકાને મેં ઊભેલાં જોયાં. વિષયલાલસાના પ્રતીકસમા રંગભવનમાં તપસ્વિનીસમાં બહેનને જોઈ શરમ ન આવે? આવા સ્થળે એમણે ન

આવવું જોઈએ. એ આવે તો આપણે જવું ન જોઈએ. કંઈક મર્યાદા તો રહેવી જોઈએ ને! ન જાણે એ મને કેવો પામર ને વિષયી ધારશે! જે ભોગવિલાસ એમને સ્પર્શતાય નથી, એ આપણને કેવા ઘેલા બનાવી નાખે છે! રે! હું પામર, બહેનને કેમ કરીને મોં બતાવીશ?'

શચીદેવી કુમારી મલ્લિકાનું આગમન સાંભળી તેમને મળવા રંગભવનમાં પ્રવેશ્યાં. સામે જ સ્વસ્થતાની મૂર્તિસમાં પ્રસન્નતાની પ્રતિમાસમાં મલ્લિકા ઊભાં હતાં. એ આગળ વધ્યાં. મલ્લિકા તો જેમ હતાં એમ ને એમ ખડાં હતાં. એમના મુખ પરનું મંદસ્મિત એમ ને એમ જ હતું.

શચીદેવી વધુ નજીક સર્યાં, પણ મલ્લિકા તો ન બોલે – ન ચાલે. શચીદેવી વિશેષ નજીક ગયાં, તેમને પોતાની મૂર્ખતાનો એકાએક ખ્યાલ આવી ગયો.

શચીદેવી પોતાની ભૂલ પર જોરથી હસી પડ્યાં. અરે, આ તો માત્ર ચિત્ર છે, કુમારી મલ્લિકાની માત્ર પ્રતિકૃતિ છે!

એ હાસ્યનો પડઘો કુમાર સાથેના મંડળમાં પડ્યો. હાસ્યનું કારણ જાણવા સહુ એકદમ રંગભવનમાં આવ્યાં, શચીદેવીનું તો હાસ્ય માય નહિ! અરે, કુમારે કોની શરમ કરી! વાહ કુમાર વાહ! વાહ તમારી ચતુરાઈ!

કુમાર મલ્લ પોતાની મશ્કરી થતી સાંભળી એકદમ ત્યાં ધસી આવ્યા. શચીદેવી તો જોરથી હસી રહ્યાં હતાં. તેઓ હસતાં હસતાં બોલ્યાં:

'આ તમારાં બેન ને?' ને પાસે જઈ શચીદેવીએ ચિત્રને હલાવ્યું. 'વાહ, કેવો અદ્‌ભુત ચિતારો! અજબ એની કળા! જીવ મૂકવાનું જ બાકી રાખ્યું છે. અરે, આપો એને મોં માગ્યું ઇનામ! આવી છબી તો જીવનમાં પહેલી વાર જોઈ!'

'અરે, બોલાવો એ ચિતારાને! એ અવિવેકી આત્માને!' કુમાર મલ્લે ખુશ થવાને બદલે ક્રોધાન્વિત થઈ સેવકોને આજ્ઞા કરી. 'અરે, એ મૂર્ખ માણસને ખબર નથી કે આ વિલાસભવનમાં પૂજનીય બહેનની પ્રતિછબી હોઈ શકે ખરી? વિવેક જેવી કોઈ વસ્તુને એ જાણે છે ખરો કે? શું એણે મને એવો પામર લેખ્યો?'

હસતું મંડળ એકાએક ગંભીર બની ગયું.

સેવકો ચિતારાને બોલાવવા જાય તે પહેલાં ચિતારો સ્વયં ત્યાં હાજર થયો હતો. એણે પ્રણામ કરી કહ્યું :

'કુમાર, અહીં મૂકવા માટે મેં વાસંતિકાનું ચિત્ર નક્કી કર્યું હતું. એની પ્રતિકૃતિ માટે મિથિલાની રૂપ-યૌવનભરી માયાદેવીને પણ નોતરી હતી. પણ એક અજબ પળે રાજકુમારી મલ્લિકા નજરે પડયાં – ગ્રીષ્મની રાતે વીજળીનો ચમકારો થાય તેમ. અને મારા હાથ, મારી પીંછી એ ભવ્ય દેહપુંજના વગરકીધાં ગુલામ બની ગયાં!'

'બનાવવાની વાત છોડી દે, ચિતારા!'

'રાજાજી, બનાવવાની વાત નથી; સાચું કહું છું, કે

આ પીંછી ને આ આંગળાં હવે બીજું ચિત્ર નહિ દોરી શકે. અહાહા, એ ભુવન-મોહન અલૌકિક રૂપ!'

'કેવી વાત કરે છે, આ ચિતારો! બહેનના પવિત્ર રૂપની ચર્ચા કરે છે! અરે, છે કોઈ હાજર! કાઢી મૂકો આ ચિતારાને મિથિલાની હદમાંથી! લૂંટી લો એની માલમત્તાને!'

'શું કરવી છે માલમત્તાને! તમે મને શું લૂંટશો? હું પોતે જ આ બધી માલમત્તા લૂંટાવવા તૈયાર છું, કારણ કે ન લૂંટી શકાય તેવો ખજાનો મને સાંપડી ગયો છે!'

ચિતારો વસંતસેન ખરે બપોરે, અડવાણે પગે, ખાલી હાથે મિથ્યા અપમાનનો ટોપલો માથે ચઢાવી મિથિલા છોડી ચાલી નીકળ્યો. લોકો એના નામ પર તિરસ્કાર વરસાવતા હતા, જ્યારે એના મુખ પર શાન્ત હાસ્ય વિરાજી રહ્યું હતું! એનો તો બેડો પાર થઈ ગયો હતો.

વસંતસેન શહેર છોડી વનજંગલમાં જઈ વસ્યો. ફરીથી એણે એ જ તસબીર આલેખવા માંડી, પણ હવે એને ઇનામની આશા નહોતી — પુરસ્કારની ખેવના નહોતી! એ તો કવિ જેમ કવિતા કરે, ભક્ત જેમ ભક્તિ કરે, પંડિત જેમ પાઠ કરે, એમ રંગ ઘૂંટ્યા કરતો ને રેખા બનાવ્યા કરતો હતો. એનું મન રોજ રોજ ઉપશમ પામતું જતું હતું. સંસારની સ્પર્ધા, સંસારની તૃષ્ણા, અને સંસારી આશાના સંતાપથી એ મુક્ત બની ગયો હતો!

પણ સંસાર કોનું નામ! પાણીમાંથી અગ્નિ જલાવે એનું નામ સંસાર! જે છબીથી એકનું કલ્યાણ થયું એ જ છબી બીજાને હળાહળ ઝેર વ્યાપી જાય. દૃષ્ટિ પ્રમાણે જ સૃષ્ટિ રચાય છે, તે આનું નામ! હસ્તિનાપુરના રાજવી ઘણા વખતથી વસંતસેનની વાટ જોઈ રહ્યા હતા. એમને ખબર મળ્યા કે વસંતહેન ચિત્ર તો દોરી લાવ્યો છે, પણ વનજંગલમાં જઈને વસ્યો છે; ને કોઈને ચિત્ર બતાવતો નથી!

રાજાજી કહે: 'લુચ્ચો લાગે છે! કોઈ બીજા રાજાને પ્રસન્ન કરી વધુ ઇનામની હોંશ હશે.'

'હા બાપજી!' હાજી-હામાં કુશળ સેવકોએ સમર્થન કર્યું, ને પોતાનું પરાક્રમ બતાવવાની તક આવી લાગતાં કહ્યું: 'કહો તો ચિત્ર ઉઠાવી લાવીએ. ભલે વસંતસેન વા ખાતો રહે!'

રાજાજીએ ન ના કહી, ન હા ભણી, કેવળ મુક્ત હાસ્ય કર્યું. પણ સેવકોએ એ હાસ્યને સંમતિસૂચક માન્યું. એક મેઘાચ્છાદિત રાતે જ્યારે ચિતારો સુખદ નિદ્રામાં પડ્યો હતો, ત્યારે આ સેવકો ભારે સિફતથી ચિત્ર ઉઠાવી ગયા. રાજપદ જેટલી સહેલાઈથી તસ્કરવૃત્તિ કેળવી શકે છે, તેટલી સહેલાઈથી કોઈ તસ્કર બની શકતું નથી!

હસ્તિનાપુરના રાજાએ એ ચિત્ર જોયું ને એ ઘેલા બની ગયા. એમણે તાબડતોબ પુરોહિતજીને બોલાવ્યા ને કહ્યું: 'જાઓ, મિથિલાના રાજા કુંભ પાસે જઈને તેમની કુમારી

મલ્લિકાનું માગું કરો! મારી જોજનગંધા સાંઢણી લેતા જાઓ! ઘડી એકનો પણ વિલંબ પોષાય તેમ નથી!'

'રાજાજી! યોજનગંધા પર બેસું તો મારાં સોએ સો વર્ષ પૂરાં થઈ જાય, બ્રાહ્મણનું એ કામ નહિ!'

'તમારા રાજા માટે પણ આટલો ભોગ...'

'ભોગને માટે ભોગ! વિષને વળી વધારવાની વાત!' વૃદ્ધ પુરોહિતજી તાકીદે રવાના થયા.

[ ૫ ]

જોજનગંધા સાંઢણી છૂટી છે! દેશ દેશ સમાચાર પ્રસરી ગયા છે. રસ્તે લોક જોવા ઊમટ્યું છે. સાકેતપુરના રાજવી પ્રતિબુદ્ધિને પણ સમાચાર મળ્યા છે. એણે પણ પુરોહિતજીને તાકીદે તેડ્યા છે, ને આજ્ઞા કરતાં કહ્યું છે:

'અરે, કાગડો હંસીને પરણવા ચાલ્યો છે! પેલા હસ્તિનાપુરના રાજાએ મિથિલાની રાજકુમારીનું માગું નાખ્યું છે! ઝટ જાઓ, ને આપણા તરફથી પણ કહેણ મૂકો! નહિ તો કોઈની કોમળ કળી જેવી છોકરીનો ભવ બગડશે!'

સાકેતપુરના રાજાની આ પરોપકાર–વૃત્તિ પર પુરોહિતજી પ્રશંસાના કે વાહવાહના બે શબ્દો સિવાય શું કહે? ખુદ રાજાજીના જ રેવંત ઘોડા પર ચઢી એમણે પણ દોટ મૂકી મિથિલા તરફ! જીવને હોડમાં મૂકીને પણ આ કામ કરવાનું હતું!

અલૌકિક લાભ માટે મનુષ્યમાંથી પશુતામાં હોંશે હોંશે પ્રવેશતા મહાશાસ્ત્રજ્ઞ, પુરોહિતોમાં શ્રેષ્ઠ એવા પુરોહિત પરાશરે જ્યારે ચંપાના રાજવી ચંદ્રછાયને સગપણની સાંઢણી પાદરથી ગયાના સમાચાર આપ્યા ત્યારે ચંપાના રાજવી હસીને બોલ્યા :

'કઈ રાજકુમારી? પેલી દૈવી કુંડલની પહેરનારી વૈદેહી ને? કુંભરાજાની પુત્રી? અરે, મારા લક્ષ બહાર કોઈ વસ્તુ નથી; પણ ભલા પુરોહિતજી! મારું ધર્મભીરુ મન જરા આંચકો ખાય છે. નવ્વાણું રાજરાણીઓ આણ્યા પછી પણ કેટલી સ્ત્રી આણી શકાય, એનું કંઈ માપ, માન – શાસ્ત્રમાં હશે ખરું! શાસ્ત્રની મર્યાદા બહારની વસ્તુ કરતાં મારું મન આંચકો ખાય છે!'

'મહારાજ, ધર્માવતાર છો. આ વિષે ચોક્કસ તો કોઈ વિધાન શાસ્ત્રકારોએ કર્યું નથી. રાજપદને સર્વ નિયમોથી સ્વતંત્ર રાખ્યું છે. પણ હા, એટલું તો ખરું કે રાજાને જેટલી રાણીઓ વધુ, જેટલી સંપત્તિ વધુ, જેટલી સેના વધુ, જેટલો વૈભવ વધુ એટલું રાજપદ મોટું. રાજા પણ પૃથ્વીનો ઇંદ્ર છે ને! સ્વર્ગના ઇંદ્રના વૈભવ વિષે તો આપે ધર્માવતારે ક્યાં ઓછું સાંભળ્યું છે?'

સંશયવિહીન બનેલા ચંપાના રાજવીએ પણ પુરોહિતજીને દ્રૂતગતિ રથ આપીને વિદાય કર્યા : જે રથમાં રાજાજી સિવાય આજ સુધી કોઈ બેઠું નહોતું એવો એ રથ!

કાશી–વારાણસીના રાજા શંખ જ્યારે પોતાની નવયૌવના રાણી સાથે જળવિહાર ખેલી રહ્યા હતા, ત્યારે સરિતાનાં જળ વીંધતી સગપણની સાંઢણી, રેવંત અશ્વ ને દ્રૂતગતિ રથને જતાં જોયાં. રાજદૂત દોડીને સમાચાર લઈ આવ્યા :

'મિથિલાની વિખ્યાત રાજકુમારી મલ્લિકાનું માગું જાય છે, રાજાજી!'

'તો શું આપણા મહામાત્ય ઊંઘે છે? અરે, એ જ કુંભરાજાની પુત્રી, કે જેનાં દિવ્ય કુંડલની ખંડિત જોડી, જુક્તિથી જોડી ન આપનાર સુવર્ણકારોને રાતોરાત મિથિલા છોડી અત્રે મારા શરણમાં આવવું પડ્યું? રાંક પ્રજા પર ગુજરેલો એ જુલમ હજી મારી સ્મૃતિમાં છે. આજ કુંડલ માટે આમ બન્યું, કાલે હાર માટે બને. પરમદિવસે નૂપુર માટે પ્રજા પર જુલમ ગુજરે. માટે સહુથી સારો માર્ગ એ રાજકુંવરીને કાશીરાજની રાણી બનાવી અહીં વસાવવાનો છે! સ્ત્રીનું મન આખરે તો સોનામાં ને! અહીં સુવર્ણના ઢગ પણ છે, કુશળ સુવર્ણકારો પણ છે! નિરાંતે બેઠાં બેઠાં રાણી મનગમતા ઘાટ ઘડાવ્યા કરે ને!'

'ધન્ય, ધન્ય પ્રજાપ્રતિપાળ!'

'જાઓ, કાશીરાજ શંખની માગણી પણ રજૂ કરો, જેથી કુંભરાજને સર્વશ્રેષ્ઠ વરની પસંદગીમાં વાંધો ન આવે.'

રાજદૂત વિદાય થયો. કાશીરાજની નવોઢા રાણી પોતાના પતિદેવની જાગતી જુવાની પર મુગ્ધ થઈ ગઈ.

અને પછી તો વાત વેગે ચઢી! કોશલ, કાશી, અંગ, કુણાલ, કુરુ ને પંચાલ એમ છ દેશના રાજાઓએ પોત-પોતાના પુરોહિતો મોકલ્યા, ને માગાં મૂક્યાં. માર્ગ સહુના એક હતા; પણ માગાં કરનાર મુખ જુદાં જુદાં હતાં. છએ છ પુરોહિતોના મુખમાં પોતાના રાજાની પ્રશંસા ને અન્ય રાજાઓની નિંદા હતી. એટલે તમામ રાજાઓની એકગુણ યોગ્યતા સામે પંચગુણ અયોગ્યતા આપમેળે રજૂ થઈ ગઈ હતી.

પુરોહિતોના આ શંભુમેળાને મિથિલાના રાજવી કુંભે થોડાં જ વાક્યોમાં પ્રત્યુત્તર આપી પાછો વાળી દીધો :

'મહાશયો, તમારા માનનીય રાજાઓને કહેજો કે કુમારી મલ્લિકા મારે પુત્ર સમાન છે. પવિત્રતાના એ અવતારે બ્રહ્મચારિણી રહેવાનો નિર્ણય કર્યો છે!'

પુરોહિતો પાછા ફર્યા ને રાજવીઓને સમાચાર આપ્યા. સહુ રાજવીઓ એકી અવાજે ગર્જી ઊઠ્યા :

'નક્કી દગો છે! દીકરો કુંવારો રહે, પણ દીકરીને કોઈ કુંવારી ન રાખે. રાજા કુંભ આપણા કરતાં કોઈ સારા વરની આશામાં હશે. પણ એમ એ આપણું નાક નહિ કાપી શકે. કરો સૈન્ય સાબદાં! ડંકાનિશાન વગડાવો ને સહુને તૈયાર કરો. ક્ષત્રિય રીત તો સ્ત્રીરત્ન ગમે તે પ્રકારે ને ગમે ત્યાંથી મેળવવાની છે!'

પરસ્પરની યોગ્યતાના વિષયમાં જે રાજાઓ ભિન્ન મતવાળા હતા, તે આ લડવાના વિષયમાં એકમત થયા. કાં

વીરરસ, કાં શૃંગારરસ — એ બે રસ સિવાય ત્રીજા રસના એ ભોગી નહોતા. દિગ્મંડળને પોતાની વીરહાકથી ડોલાવતા એ રાજવીએ શુભ શુકને પોતાના સૈન્ય સાથે મિથિલા તરફ કૂચ કરી ગયા. મિથિલા એકાએક ઘેરાઈ ગયું.

વાતાવરણ યુદ્ધના નાદથી ગાજી રહ્યું.

મિથિલાની રાજનગરીને દિવસોથી ઘેરો છે. દુર્ગમાંથી પંખી પણ આવ-જા કરી શકે નહિ એવો વ્યૂહ ગોઠવાયો છે. રાજકુમારી મલ્લિકાને વરવા હોંશીલા છએ રાજાઓના સેનાપતિઓ રોજ મંત્રણાઓ ચલાવ્યા કરે છે. રાજાજીની એક તુચ્છ ઇચ્છાપૂર્તિ માટે માનવીઓનાં લીલાં માથાં વધેરવાં એમનેય ગમતાં નથી. પણ રણક્ષેત્રમાંથી પાછી પાની ન કરવાની ક્ષત્રિયની ટેક એમને થંભાવી રહી છે! જીતેલી નગરીમાંથી સુવર્ણ ને સુંદરીઓની લૂંટ એમને લલચાવી રહી છે!

પણ ક્ષત્રિયોની આ દિલગીરીને ટાળવા મુસદ્દીઓ ને કવિ-ચારણોની 'ખાય તેનું ગાય' વાળી જિહ્વાઓ મેદાને પડી છે. એમણે વાતને ભારે ચગાવી છે. છીંદરીનો સાપ બનાવી નાખ્યો છે. વેરનો અગ્નિ ભભુકાવ્યો છે. વીરત્વનું ખૂની જોશ જગાવ્યું છે. યુદ્ધમાં મરનારને સીધું સ્વર્ગ બતાવી દીધું છે: જ્યાં સુરા ને સુંદરીઓ અપરંપાર ભરી પડી છે!

હાકલની જ વાર છે. સૈનિકો મરવા – મારવા સજ્જ છે!

રાજકુમાર મલ્લ પણ અહીં દિવસોથી ઊંઘ્યા નથી. યુદ્ધની ભારે તૈયારીઓ કરી રહ્યા છે. સેના તો સાવ નાની છે, પણ એક એક સૈનિક હજારને હણી શકે એવા સહસ્રમલ્લોનું સૈન્ય ખડું કર્યું છે. મિથિલાના રાજવી પણ જતી જિંદગીને આ રીતે ઉજાળવા તૈયાર થયા છે. રણમાં મૃત્યુ ક્યાંથી!

સહુમાં રાજકુમારી મલ્લિકા દેખાવે ખૂબ શાન્ત છતાં ઊંડી ઊંડી મનોવ્યથા અનુભવી રહ્યાં હોય, એમ જણાય છે. કોઈ ભારે વિચાર-વિમર્શમાં તેઓ ડૂબ્યાં હોય એમ લાગે છે. આજે સવારે એકાએક તેઓ રાજસભામાં આવ્યાં. કુમાર મલ્લે ઊઠીને પોતાનું આસન આપ્યું, પિતાજી પણ એ મહાન દૈવી અંશ તરફ નીરખી રહ્યા. પૂર્ણ ચંદ્ર જેવું મોં ઘડીભર ત્યાં શીળી કૌમુદી પ્રસારી રહ્યું.

'પિતાજી, આટલી બધી ધમાલ!'

'બેટી, આ તો રાજકાજ છે. લપડાકનો જવાબ અહીં લપડાકથી અપાય છે. મારા સૈન્યની શક્તિ તો જો!'

'પણ પિતાજી, આ બધું મારે એકને ખાતર?'

'ના બેટી, અમારા વટને ખાતર. તું તો માત્ર બહાનું છે. આ નિરંકુશ રાજવીઓને મારે બોધપાઠ આપવો છે!'

'ને તે તલવારથી?'

'હા, બેટી! ઝેરનું ઔષધ ઝેર, એ તું ક્યાં નથી જાણતી!'

'પણ પિતાજી, હું તો યોદ્ધાઓની નિરર્થક લોહી રેડતી તલવારો મ્યાન કરાવવા જન્મી છું. હું તો માનું છું કે રક્તપાતથી નહિ, પણ પ્રેમથી જ જગતમાં ચિરશાન્તિ સ્થાપી શકાશે.'

'તારી શુચિતાનો આ કાગડાઓને કશો જ ખ્યાલ નથી. એ અશુચિતાના જ આકાંક્ષી છે.'

'કારણ કે તેઓ અજ્ઞાની છે. અજ્ઞાનીને મોહ થાય. આંધળો માણસ રસ્તે જતાં આપણને અથડાય, તો આપણે ક્રોધ નથી કરતા, પણ કૃપાદૃષ્ટિ રાખી હાથ ઝાલી માર્ગ બતાવીએ છીએ.'

'પણ આ બધા તો દેખતી આંખે આંધળા બન્યા છે.'

'એટલે તેમને સમજાવવા સહેલ છે. તેઓને મળવા બોલાવો.'

'મળવા બોલાવું?'

'પિતાજી, મારા પર શ્રદ્ધા રાખો, નિઃશંક થઈને બોલાવો. આપણે જો સાચા છીએ તો પછી શંકાની જરૂર નથી.'

પુત્રીનું વેણ કદી ન ઉથાપનાર પિતાને, શાણી દીકરી કંઈ બાળકબુદ્ધિ કરતી લાગી, સંસારને સારો સમજી લેવામાં જલદી કરતી લાગી. પણ આખરે તો આપણી તાતી તલવારો આખરી હિસાબ ચૂકવવા તૈયાર જ છે ને, ભલેને એ મન મનાવી લે! દીકરી ડાહી છે. એનું મન દુભવવાની ઇચ્છા થતી નથી!

મિથિલાપતિએ પુત્રીની ઇચ્છા અનુસાર છયે રાજવીઓને મળવા બોલાવ્યા. સંદેશવાહકે પહેલો સંદેશો કોશલના રાજવી પાસે પહોંચાડયો. એણે મૂછ મરડીને ખોંખારો ખાધો. આ સમાચાર કાશીના રાજાને મળતાં એ ક્રોધથી લાલચોળ બની ગયા! અરે, કોશલવાળાઓ દગો રમ્યા. કાશી અને કોશલના સૈનિકો સામસામા આવી ગયા. ત્યાં સંદેશવાહક કાશીના રાજા પાસે પહોંચ્યો.

કાશીના રાજાને કંઈક શાન્તિ થઈ. એણે વિચાર્યું કે નિશ્ચે મલ્લિકા મને જ વરશે. કયાં કદરૂપો કોશલરાજ ને કયાં હું!

પણ આ વાતની ચંપાના રાજાને ખબર પડી ત્યારે એણે પોતાનું સૈન્ય જુદું તારવ્યું. એણે જાહેર કર્યું કે આપણે મરી ખૂટીશું પણ શત્રુ સાથે છૂપી સંધિ નહિ કરીએ. એણે પોતાનો મોરચો જુદો જમાવ્યો ન જમાવ્યો ત્યાં તો સંદેશવાહક આવી પહોંચ્યો. સંદેશ પામીને તેમણે કહ્યું:

'અરે, મારે ખાતર નહિ પણ રાજકુમારી મલ્લિકા ખાતર પણ મારે સ્વયંવરમાં જવું જોઈએ. માનસરોવરમાં વસનારી હંસી શું કાળા કાગડાઓને પસંદ કરશે?'

આમ સંદેશા વહેલા મોડા મળવામાં સહેજ ખળભળાટ થઈ ગયો, પણ પછી તો સહુ પોતાના અંગસેવકોને એકત્ર કરી વેશભૂષાના વિચારમાં પડી ગયા.

વીરત્વમાં એકાએક શૃંગાર જાગી ઊઠયો.

[ ૬ ]

અશોક નામના ઉદ્યાનમાં રાજકુમારી મલ્લિકાએ એક માયામંદિર નિર્માણ કરવા માંડ્યું છે. મહાપુરુષોની વિચિત્ર લાગતી કાર્યપદ્ધતિની યોગ્યતાનો નિર્ણય પરિણામ પરથી જ કરી શકાય છે. રાજાઓને મળવા બોલાવીને, રાજકુમારી તો વળી આ નવી પ્રવૃત્તિમાં પડી ગયાં હતાં. એમના મનની ગત કોઈ પારખી શકતું નહિ. માયામંદિરની ભીંતો સુવર્ણની બનાવી, અને રત્નમુક્તા જડિત છત્રથી આચ્છાદિત કરી. એના છ ખંડ બનાવ્યા. ને છયે ખંડનાં દ્વાર એક મોટા ખંડમાં પડે તેવી રીતે રખાવ્યાં. એ મોટા ખંડને સુંદર નકશીથી ને ભાતભાતની કળાકારીગરીથી સુશોભિત બનાવ્યો. એની મધ્યમાં એક પોતાના જ કદની – પોતાની જ પ્રતિમૂર્તિ લાગે તેવી – પ્રતિમા બનાવવા શિલ્પીઓને આજ્ઞા કરી.

રાત અને દિવસ એક કરી શિલ્પીઓએ સુંદર પ્રતિમા નિર્માણ કરી. એ જ કાજળના જેવી શ્યામ કેશવાળી; એ જ ઇંદ્રનીલમણિનાં જેવાં નયન; એ જ પ્રવાલના જેવા આરક્ત અધર; એ જ જાનુપર્યંત દીર્ઘ બાહુદ્વય; એ જ સુંદર ભ્રૂકુટી; એ જ ભુવનમોહન સૌંદર્યભર્યાં સાક્ષાત્ રાજકુંવરી ! હમણાં બોલ્યાં કે જાણે બોલશે ! અરે, અબઘડી હસ્યાં કે હસશે !

શિલ્પીઓ માત્ર પ્રાણ મૂકી શક્યા નહોતા, વાચા આપી શક્યા નહોતા, નહિ તો સંસારમાં એક નહિ પણ રાજકુમારી મલ્લિકા બે હોત. અને એ રીતે જીવંત પ્રતિમા

નિર્માણ કરવાની શક્તિ આ સર્વકલાકુશળ શિલ્પીઓ પાસે હોત તો....એક પુષ્પ માટે છ છ મધુકરોને યુદ્ધ કરવાં ન પડત!

અને રાજકુમારી મલ્લિકા પણ જાણે એને પોતાની જીવન્ત પ્રતિકૃતિ માનતાં ન હોય તેમ, તેને માટે પણ, પોતે જમતાં તેથી પણ અધિક રસવાળા ભોજનના થાળ મોકલવા લાગ્યાં. આ સુવર્ણપ્રતિમાનો મુખથી ઉદર પર્યંતનો ભાગ પોલો રાખવામાં આવ્યો હતો, ને મસ્તક ઉપર મોટું કમળનું ઢાંકણ કરવામાં આવ્યું હતું. એ ઢાંકણમાંથી રોજ એક એક કોળિયો આહાર અંદર નાખવામાં આવતો. રે, એક તરફ મહાયુદ્ધનો ભૈરવનાદ ગાજતો હતો, ને બીજી તરફ આ જ્ઞાની, વિવેકી રાજકુમારી શી બાળચેષ્ટા આદરી બેઠાં હતાં! શું આ રીતે યુદ્ધની સળગેલી ચિનગારી તેઓ બુઝાવી શકવાનાં હતાં!

કોઈ વાર કુમારી મલ્લિકાનો ભોળો ભાઈ મલ્લ પ્રશ્ન કરી બેસતો, કે 'બહેન, આ શી બાળચેષ્ટા આદરી બેઠાં છો!'

'મારા વીરા!' કુમારી મલ્લિકા મધુ-માખણનો સ્વાદ ફિક્કો લાગે એવી મીઠાશથી કહેતાં: 'આપણે સહુ સાગર-કિનારે રમતાં બાળક જેવાં જ છીએ, જે સોહામણાં લાગતાં શંખછીપલાંને ખાતર હાથમાં રહેલ સુવર્ણને વેડફી નાખીએ છીએ. આ અજ્ઞાની બાળકોને સમજાવવા માટે તો બાળચેષ્ટા જેવું જ જોઈએ ને!'

યથાયોગ્ય સમયે છયે રાજાઓને રાજકુમારી મલ્લિકાએ નિર્મિત કરેલા માયામંદિરમાં પધારવા આમંત્રણ મળ્યું. છયે રાજાના આનંદની સીમા નહોતી.

નિયત સમયે છયે રાજાઓ માયામંદિર તરફ આવ્યા. અદ્ભુત એમની વેશભૂષા હતી. વૃદ્ધ રાજવીઓએ કેશ કાળા કર્યા હતા, ને મોંમાં તાંબુલનાં મઘમઘતાં બીડાં નાખી ગલોફાં ફુલાવ્યાં હતાં. જુવાન રાજાઓએ પણ ઠાઠ કરવામાં કંઈ મણા રાખી નહોતી. આંખમાં કાજળ, માથે તેલ ને હાથે હીરાની મુદ્રિકાઓ ઘાલી હતી. વારંવાર મુદ્રિકામાં રહેલ નાના અરીસામાં પોતાનું મુખારવિંદ નિહાળી તેઓ મલકાતા હતા. પ્રવેશદ્વાર પર એક દાસીએ એમનું સ્વાગત કર્યું, ને સહુને અંદર દોરી ગઈ.

કાશીરાજ, કોશલરાજ, કુરુરાજ વગેરે તમામ રાજાઓ પોતપોતાના માટેના છ ખંડમાં આવીને બેસી ગયા. એ વેળા મધ્ય ખંડનું દ્વાર ખોલી નાખવામાં આવ્યું. અરે! સામે જ હાજરાહજુર કુમારી મલ્લિકા પોતાના રૂપલાવણ્યની પ્રભા વિસ્તારતાં ખડાં હતાં. કંકુવરણો એક હાથ સ્વાગન માટે સહેજ ઊંચો થયો છે; હેમની દીવી જેવા બીજા હસ્તમાં ફૂલમાળ રહી ગઈ છે! છયે રાજાઓ એક નયને જોઈ રહ્યા. અરે, તેઓએ જે સૌંદર્યની ખ્યાતિ સાંભળી હતી, તેથીય વધુ સૌંદર્ય ત્યાં લહેરાઈ રહ્યું હતું. પૃથ્વીપટ પર આવું રૂપ જન્મતું હશે ખરું, કે કોઈ ભૂલી પડેલી દેવાંગના માયા-છળથી સહુને છળવા આવી હશે!

કુમારી મલ્લિકા હાથમાં ફૂલમાળ લઈને સજ્જ છે. અરે, એ ફૂલમાળ કોના કંઠમાં આરોપાશે? કોનું જીવન ધન્ય બનશે? ઉત્સુકતાની ઉત્કટ પળો વીતવા લાગી. એક પળ એક ઇતિહાસ સરજતી પળ હતી!

પણ ત્યાં તો પ્રતિમાની પીઠ પાછળથી એક મિષ્ટ હાસ્ય સંભળાયું. એ હાસ્યમાંય અજબ માધુર્ય અને જિંદગીનો થાક ઉતારી નાખે એવું વાત્સલ્ય ભર્યું હતું. થોડી વારમાં તો કુમારી મલ્લિકા સ્વદેહે આવતાં દૃષ્ટિગોચર થયાં. આકાશ પરથી શીળી ચાંદની ને તેજસ્વી સૂર્ય જાણે સજોડે રમવા ધરતી પર આવી રહ્યાં હોય એવી આભા ને પ્રકાશ સર્વત્ર પથરાઈ રહ્યાં!

એક પળ માટે રાજાઓ વિભ્રમમાં પડી ગયા. આ સાચું કે તે? અહીં સામે ઊભાં છે તે મલ્લિકા સાચાં કે જે હમણાં આવ્યાં તે! પણ એ ભ્રમ લાંબો કાળ ન ટક્યો. પ્રતિમાના સૌંદર્યથી પણ અનેકગણું સૌંદર્યતેજ એ આગંતુક દેહયષ્ટિ પર બિરાજી રહ્યું હતું. પુરુષ પુરુષત્વ છાંડીને નમી પડે તેવું અવિજેય સ્ત્રીત્વ ત્યાં દમકી રહ્યું હતું.

કોઈ દૈવી અંશ તો આવ્યો નથી? ના, ના. છે તો એ મર્ત્યલોકની માનુની! છયે રાજાઓ કુમારિકાના દિવ્ય રૂપને નિહાળી રહ્યા. કોઈ દૈવી તેજ એ આંખોમાંથી, વર્ષાઋતુની મેઘધારાની જેમ, વરસી રહ્યું હતું! અષ્ટમીના ચંદ્ર જેવું ભાલ ઝગારા મારી રહ્યું હતું. પૃથ્વીના અસંખ્ય

માણસો પર શાસન કરનારાઓના ચિત્તંત્ર પર એક નાનીશી કુમારિકા રાજ કરી રહી.

રાજકુમારીએ સહુ રાજાઓનું અભિવાદન કરતાં, લીલા માત્રથી પ્રતિમાના મસ્તક ઉપર રહેલ કમળનું ઢાંકણ ખેંચી લીધું.

એકાએક ભયંકર બદબો માયામંદિરને ઘેરી વળી. અગરચંદનની સુવાસ એને રોકવા સમર્થ ન નીવડી. દશાંગ ધૂપ પણ એ બદબો ખાળવા નિરર્થક થયો. હવા ભારે ઝેરી બની ગઈ. ભયંકર વાવંટોળમાં પણ વટવૃક્ષ અણનમ ખડું રહે તેમ રાજકુમારી તો સ્વસ્થ ઊભાં હતાં. પણ રાજાઓ ભારે પ્રયત્નપૂર્વક નાક ઉપર વસ્ત્ર દાબી રહ્યા હતા. એમનો જીવ ગૂંગળાતો હતો. અસહ્ય હતી એ દુર્ગંધ!

બીજી જ પળે રાજકુમારીએ પ્રતિમાના શિર પરનું કમળફૂલનું ઢાંકણ પાછું મૂકી દીધું. દુર્ગંધ ઓછી થતી ચાલી. જાણે નરકનો આસ્વાદ અનુભવી ચૂકયા હોય તેમ રાજાઓ મહામહેનતે સ્વસ્થતા અનુભવી રહ્યા. રાજકુમારી એ વખતે બોલ્યાં :

'મહાનુભાવો! તમારી ઇપ્સિત વસ્તુની પ્રાપ્તિ થઈ, છતાં નાકે ડૂચા કાં દીધા? જે ગંદકીના ગાડવાને મેળવવા માટે તમે લાવલશ્કર લઈ, ખેતરપાદર ઉજ્જડ કરી, નદીનવાણ ખાલી કરી યુદ્ધે ચઢ્યા છો, એ જ તમારી સમક્ષ આવીને ઊભું રહ્યું ત્યારે નાકે ડૂચા કાં દીધા? જેના પ્રત્યે સ્નેહ ધરીને આવ્યા છો, એના પ્રત્યે હવે સૂગ કાં ધરાવો?

'હે રાજાઓ! તમારા ઇપ્સિત દેહમાંથી છૂટેલી એક પળ માત્રની દુર્ગંધથી કેવા અકળાઈ ઊઠયા? જે સૌંદર્ય-દેહ પાછળ તમે લુબ્ધ થયા છો, એ દેહમાં રોજ નંખાતો આહાર મેં આ પ્રતિભાના ઉદરમાં માત્ર થોડા દિવસથી નંખાવવો શરૂ કર્યો હતો. એ થોડા દિવસના આહાર-સંગ્રહથી સૌંદર્યભર્યો આ દેહ કેવો ગંદકીનો ગાડવો બની ગયો! સારો, મિષ્ટ ને સુગંધી આહાર પણ આ દેહને પામીને કેવી અવદશા પામ્યો? એ ગંદકીના સમુચ્ચયરૂપ દેહને માટે તમે કેવી જબરી માથાકૂટ આદરી છે?

'આ સુંદર પ્રતિમાની જેમ, મારું આ સુંદર લાગતું શરીર પણ, રોજ રોજ આહાર લેવાથી, મળ, મૂત્ર, વિષ્ટા ને શ્લેષ્મથી ભરેલું છે. ઝેરી સાપોની પથારી કરી એના પર કોઈ ફૂલચાદર બિછાવી હોય તેવું આ શરીર જો આ મૂર્તિની જેમ ખુલ્લું કરીને બતાવી શકાતું હોય તો, તમે જેને માટે આ બધો કલહ માંડી બેઠા છો, એની ક્ષુદ્રતાનો તરત ખ્યાલ આવત!'

રાજકુમારી થોડી વાર થોભ્યાં. બીજની નાની શી ચંદ્રની આડ આખી પૃથ્વીને પોતાની સૌમ્યતાથી આકર્ષી રહે, એમ સહુ રાજા આશ્ચર્યથી મોં વકાસીને રાજકુમારીને નીરખી રહ્યા, શ્રોત્રથી એમની અમરસુધા જેવી વાણીને પી રહ્યા. તેઓએ આગળ ચલાવ્યું :

'જે કામ-સુખો પાછળ તમે આકાશમાં તોફાન આણો છો, પૃથ્વી પર નરમેધ માંડો છો, હવામાં ઝેરી

તત્ત્વો ફૂંકો છો, સંસારને ત્રસ્ત ત્રસ્ત કરી નાખો છો, એ કેટલાં ઘૃણિત છે તેનો તો વિચાર કરો! આ બાહ્ય સૌંદર્ય કેટલું અસ્થિર છે! જોતજોતામાં એ વાસી ફૂલની જેમ કરમાઈ જાય છે. આ સુવર્ણકાંતિભરી ચામડી જીર્ણશીર્ણ થયેલા કપડાની જેમ ચિરાઈ જાય છે, ક્યાંય તરડાઈ જાય છે, ક્યાંય દીઠી ન ગમે તેવી કરચલીઓથી ભરાઈ જાય છે. આ કાળા ઘનશ્યામ કેશ સુકાયેલા ઘાસની જેમ શ્વેત ને લુખ્ખા થઈ જાય છે, શુક્રતારક સમાં નેત્રો માત્ર કોઈ પડી ગયેલા ઘરના ગોખની જેમ કેવાં ભયંકર લાગે છે! ધરણી ધ્રુજાવતા આ પગ કેવા થરથર ધ્રૂજે છે! ને જરાદેવી આવી કે આ સશક્ત બાહુ, ઊંચા કરવાની ઇચ્છા છતાં, ઊંચા ઊપડતા નથી! હે રાજન્યો! જીવનની આ કરુણતમ દિશા તરફ તમે કદી દૃષ્ટિ જ નાખી નથી? શું ભૂતાવેશ-વાળા જનની જેમ વિષય–વાસનાના વાવંટોળમાં સદા ઝૂમતા જ રહ્યા છો! તમે વિવેકી થઈને આવો સદ્વિવેક કેમ વિસરી ગયા?

'મરતા કોઈ માણસને તમે જોયો છે? તમારા વૃદ્ધ વડીલો મર્યા તો હશે ને! એમની જરા જોઈને શું તમને વિચાર ન આવ્યો, કે અરે, અમે આટલા બળવાન પુત્રો હયાત છીએ ને પૂજ્ય પિતાજીને મરણને શરણ થવા નહિ દઈએ! અને એ તમારી શેખી સામે જ, નિસહાય ઘેટું જેમ કસાઈની છરી નીચે બેં બેં કરી મરણશરણ થાય તેમ તમારા વૃદ્ધો મરણને શરણ નથી થયા? એમની જરા અવસ્થા, એમનું અસહાય મૃત્યુ જોઈને પણ તમને કંઈ વિચાર

ન થયો ? શું વિકારોએ તમને એટલા બધા વશીભૂત કરી લીધા છે ? '

રાજાઓ કિંકર્તવ્યમૂઢ બની ગયા હતા. રે, જે સ્વયં જ્ઞાનમૂર્તિ છે, વિવેકવિશારદા છે, એની સામે કંઈ બોલવાનું ડહાપણ કરવા જતાં રખે મૂર્ખ બની ન બેસીએ !

' રાજવીઓ, શરમાશો મા ! મનુષ્ય માત્ર પર મને પ્રેમ છે. અજ્ઞાન, અવિવેક અને અસંયમ જ સર્વ પાપનું મૂલ છે. તમને કઈ વાતની કમીના છે ! છતાં તમારામાંના કોઈ કહી શકશે, કે અમે સર્વથા સુખી છીએ, અમે નિરાંતે જીવીએ છીએ ? પ્રેમથી વર્તીએ છીએ ને પ્યારથી જીવીએ છીએ ? તમારા ભંડાર તમારી છાતી પર ચિંતાભાર બનીને પડ્યા છે. તમારા અંતઃપુર હૈયાહોળી જેવાં બન્યાં છે. રાજ-કાજ તો મોતના મામલા જેવાં બન્યાં છે. માનવી તરીકેની તમારી ફરજો, સદ્‌ગૃહસ્થ તરીકેનો તમારો વિવેક, પ્રજા-પાલક રાજા તરીકેનો તમારો આદર્શ તમે કેવો ભ્રષ્ટ કરી નાખ્યો છે ? શું તમે તમારી પીઠ પાછળ ખડા મોતને ભૂલી ગયા છો ? તમે પેલા કીડીચુગતા કબૂતર પર તરાપ મારતા નિર્દય બાજ જેવા છો, કે જે બાજની પીઠ પાછળ ક્રૂર શિકારી શરસંધાન કરીને જીવ લેવા ખડો છે; જે શિકારીનો એક પગ કાળા મણઝર નાગના દર પર પડયો છે ! રાજન્યો ! અંતરની ખોજ કરો. સુખ તો અંતરમાં વસે છે.'

' રાજકુમારી, અમે ભૂલ્યા ! આજ તમે અમને ગુરુ મળ્યાં ! અમારું જીવતર સુધારો. કહેવાઈએ છીએ રાજા પણ સાચેસાચ દુનિયામાં અમારા જેવું કોઈ દુઃખી નથી !'

'હું તમને શું સુધારીશ! તમે સાચું જ્ઞાન મેળવો; તમને મિથ્યાભિમાની બનાવનાર પુરોહિતોની વાતો પર વિવેકદૃષ્ટિથી જુઓ; સંયમ કેળવો; તૃષ્ણાની મર્યાદા બાંધો. જગતમાં સુવર્ણની તંગી નથી – સૌંદર્યની તંગી નથી, પણ જેટલું છે તે બધાંના ભોક્તા આપણે જ છીએ એ ભાવના છાંડો! પશુતાની એ પ્રેરણાને વશમાં રાખો ને પ્રભુતા તરફ જાઓ! તમારો ઉદ્ધાર તમારાથી છે. આત્મા જ તમારો મિત્ર! આત્મા જ તમારો ગુરુ! તમારા એ આત્માને ઓળખો.'

રાજાઓ બિચારા શું બોલે? મેઘ જેવી ગંભીર વાણીને યુગયુગના તૃષાતુર ચાતક પક્ષીની જેમ તેઓ પી રહ્યા. કોઈ પળ જ એવી હોય છે, કે બોલવાનું મન થતું નથી. ઇચ્છા એવી રહે છે, કે એ પ્રેમભરી વાણી સદાકાળ મૂંગા બનીને સાંભળ્યા કરીએ.

'જે છબી જોઈને તમે ઘેલા થયા, એ છબી આજે તમારું કલ્યાણ કરી રહી છે. એ તમારું સૌભાગ્ય છે. સત્ય વહેલું સમજાયું એ પણ મોટું ભાગ્ય છે. આ માયા-મંદિરે તમારી માયાને દૂર કરી એ અહોભાગ્ય છે. નહિ તો ન જાણે માયા માટે કેટલાય ભવ સુધી મર્યા કરત! માયા માટે મરવું પણ માનવીને કેટલું સુખદ લાગે છે! હું તો સ્ત્રી–પુરુષનો સાચો ધર્મ પ્રવર્તાવવા માગું છું. સંસારના રાગદ્વેષ હણવા ઇચ્છું છું.'

રાજાઓ ચિત્રવત્ સ્થિર થઈ ગયા હતા. પેલી સુવર્ણ-પ્રતિમાના અંગેઅંગનું લાવણ્ય જે દૃષ્ટિથી પી રહ્યા હતા,

એ દૃષ્ટિ અત્યારે એક દિવ્ય તેજથી અંજાઈ ગઈ હતી. એ દૃષ્ટિની સમક્ષ પુરુષાકૃતિવાળો તેજપુંજ જાણે ચારે દિશાને અજવાળતો ખડો હતો.

'અરે ધિક્ છે અમારા અવતારને! આ અમારી વિષયી આંખો અંધ થઈ જાઓ! આ અમારા સશક્ત બાહુ સુકાયેલા પાંદડાની જેમ ખરી પડો! આ અમારું સામર્થ્ય અમને જ બાળી નાખો! અધમ, અધમાધમ એવા અમને સંસારમાં જીવવાનો કોઈ હક્ક નથી! અમે પૃથ્વી પર ભારભૂત છીએ.'

રાજાઓના દિલમાં પશ્ચાત્તાપનો પાવક પ્રજ્વલી ઊઠ્યો. તેઓને આશ્વાસન આપતાં રાજકુમારી બોલ્યાં :

'જીવવાનો સહુ કોઈને હક છે. ફક્ત જીવન માટેનો તમારો દૃષ્ટિકોણ સુધારો! સ્ત્રીને, સંપત્તિને તમારા શોખનું સાધન નહિ, પણ ઉત્કર્ષનું સાધન માનો.

'રાજન્યો, તમને ખોટું લગાડવા આ નથી કહેતી. તમારું મારા તરફનું આકર્ષણ પણ કોઈ પૂર્વજન્મના પ્રીતિયોગને જ આભારી છે, નહિ તો આ અફાટ વિશાળ સંસારસાગરમાં કોઈ કોઈનો મેળાપ સંભવિત નથી. મારો ને તમારો આ જન્મનો નહિ પણ પૂર્વજન્મનો કોઈ ભારે ઋણાનુબંધ આપણને અહીં એકત્રિત કરી રહ્યો છે!'

'પૂર્વજન્મનો ઋણાનુબંધ?' છયે રાજાઓ એક સાથે પોકારી ઊઠ્યા.

'હા, એ વિના તો એક રજકણ પણ બીજા રજકણને ભેટતું નથી. મારો ને તમારો એક નહિ પણ ત્રણ ત્રણ જન્મનો સંબંધ છે!' રાજકુમારીએ ભારપૂર્વક કહ્યું.

'ત્રણ ત્રણ જન્મનો સંબંધ? રાજકુમારી, એ વાત અમને કહો. અમે એ સાંભળવાને ઉત્સુક છીએ. અમારી સ્મૃતિમાં એવું કંઈ આવતું નથી!'

'ક્યાંથી આવે, રાજન્યો! તમારા સદ્‌વિવેકના દીપ આડે સત્તાના, સામર્થ્યના, સૈન્યના, યૌવન અંધારા પડદા પડ્યા છે. આત્માના એ વિવેકદીપને ખોજવા તો કીડીથીય નીચા ને તણખલાથીય નમ્ર બનવું પડે; મારવા કરતાં મરવામાં, ને લેવા કરતાં દેવામાં આનંદ માણવો જોઈએ; સંસારના નાના–મોટા સર્વ જીવો તરફ મૈત્રીભાવ જગાડવો પડે. સંસાર ભલે તમને ડાહ્યા કહેતો હોય, પણ તમારા જેવા ઘેલા કોઈ નથી, જે અંતરમાં પ્રકાશતો દીપ બુઝાવી બહારના દીપકના ઠગારા પ્રકાશમાં સુખ શોધવા નીકળ્યા છો!'

'રાજકુમારી, એ નમ્રતા, એ લઘુતા, એ સમર્પણ, એ ઉદારતા અમને કેમ આવડે?'

'આવડે. શા માટે ન આવડે? એ નમ્રતા, એ લઘુતા ને એ આત્મસમર્પણથી જ તમે આજે આ જન્મમાં શ્રેષ્ઠ એવું રાજપદ પામ્યા છો! તમે જ હિમાચળ જેવું તપ, ગંગા નદી જેવી પવિત્રતા ને ધરતીના જેવી ઉદારતા માણી છે: ને તે પણ તમારામાંના કોઈ એકલાએ નહિ. પણ આપણે સાત સાત જણાએ એકીસાથે!'

'ઓ દિવ્ય રાજકુમારી! અદ્ભુત છે તમારી વાતો! અમે એ વાત સાંભળવા ઉત્સુક છીએ: કદાચ એ સાંભળવાથી અમારો બુઝાયેલો દીપ ફરી પ્રજ્વલી ઊઠે!'

[ ૭ ]

રાજકુમારી મલ્લિકાએ, કોઈ દાદીમા સમી સાંજરે નાનાં બાળકો સમક્ષ વાર્તા માંડે એમ, વાર્તા માંડી. ભલા, ગુણોની જ શ્રેષ્ઠતા છે. વય કે લિંગ તો એની સામે નકામાં ઠરે છે: રાજકુમારીએ વાત શરૂ કરી:

'સપ્તર્ષિની જોડલી સમા સાત મિત્રોની એ કથા છે; યાદ કરી શકાય તો કરજો. જેને તમે સુવાસિત પુષ્પ માનો છો, ને તમે પોતે મધુકર બનીને જેનું મધુ ચૂસવા તત્પર બન્યા છો, એ એક પુષ્પ ને છ મધુકરો એક વાર એકલોહિયા ને એકમતિયા સાત મિત્રો હતા.'

'શું આપણે મિત્રો હતા?'

'યાદ આવે છે એ ઇંદ્રની અલકાપુરી જેવી વીતશોકા નગરી? એમાં બલભદ્ર રાજા રાજ કરતો. એને મહાબળ નામનો કુમાર હતો. એ કુમારને રૂપગુણથી ભરેલા છ મિત્રો એકઠા થાય છે, તેવા એ ન હતા. રૂપ ને ગુણમાં એકબીજાની હોડ કરનારા હતા. પોતાની ટેવમાં સદા અચલ-અટળ રહેનાર વ્યવહારીઓ અચળ, સ્વલ્પ પામીને અનલ્પ આપનાર ધરતીમાતા જેવો ધરણ, સર્વ ગુણોથી પરિપૂર્ણ એવો પૂરણ, વસુથી વસુધાને પૂરતો

વસુદેવ, પોતાના રૂપલાવણ્યથી ચંદ્રને નિસ્તેજ કરતો અભિચંદ્ર અને શ્રમણ ન હોવા છતાં સાધુત્વનો ઉપાસક મહામતિ વૈશ્રમણ : એમ છ મિત્રો હતા.

'સાતે મિત્રો ખાન-પાન, હાસ્ય-વિનોદ, પઠન-પાઠન, વિહારપર્યટન બધું એક સાથે કરતા. સાત દેહ ને એક પ્રાણ જેવા એ હતા. સહુ એમને સપ્તર્ષિના તારા કહેતા. સાતે જણા યોગ્ય કાળે નવયૌવન પામ્યા. સંધ્યાકાલે સૂર્ય જેમ *પોતાનું તેજ અગ્નિમાં સ્થાપે એમ બળભદ્ર રાજા યુવરાજ* મહાબળને ગાદી આપી નિવૃત્ત થયો. છ મિત્રો પણ સંસાર-ધુરાનો ભાર સમર્થ રીતે વહેવા લાગ્યા.

'સહુની પાસે ધન હતું, રૂપ હતું, અને એને અનુરૂપ યૌવન હતું. યૌવનસહજ સત્તા ને સામર્થ્ય પણ હતાં. પૃથ્વી પર સ્વર્ગનો આસ્વાદ તેઓ માણી રહ્યા હતા. એક દહાડો એક ત્યાગી પુરુષ તેઓને મળ્યા. તેણે કહ્યું: 'આ રૂપ વૃથા છે, આ ધન મિથ્યા છે, આ સત્તા સંતાપિની છે : જો યૌવનને ધર્મથી, દેહને શીલથી ને ધનને દાનથી ઉજ્જવળ નહિ કરો તો તમારો લાખેણો ભવ કોડીના મૂલે જશે.' આગળ વધતાં તેઓએ વધારામાં કહ્યું :

'એક વાર વાવેલાં વૃક્ષ સદાકાળ ફળ દેતાં નથી. એ વૃક્ષ ઊલી જાય તે પહેલાં નવાં વૃક્ષની વાવણી કરો. મહાનુભાવો! કોઈ કાળે તમે આમ્રવૃક્ષનું બી વાવ્યું. આમ્રવૃક્ષ ફળ્યું. એનાં ફળ તમે આજે હોંશે હોંશે આસ્વાદો છો. પણ એક કાળે એ વૃક્ષ ફળતું બંધ થશે. એ વખતે નવું વૃક્ષ

તમે નહિ વાવ્યું હોય તો? પૂર્વજન્મનાં સુકૃતનું ફળ તમે આજે આસ્વાદો છો, પણ હવે પછી નવાં સુકૃત નહિ કરો તો? દેવાળિયા વેપારીની જેમ તિજોરીની પુરાણી સંપત્તિ ખર્ચી નાખશો, ને ખાલી થયેલી તિજોરી નહિ ભરો તો?'

'ફરી પાછી એ સાતે મિત્રોને ત્યાગી પુરુષની કઠોર વ્રતનિયમની વાતોમાં અદ્ભુત સત્ય છુપાયેલું લાગ્યું. રાજન્યો, યુવાનીને સામાન્ય રીતે ઉપદેશ નથી રુચતો, પણ જે યુવાની ધન્ય થવાની હોય છે, એનાં મનદ્વાર અને શ્રવણદ્વાર આવી કલ્યાણપ્રદ વાતો માટે સદાકાળ ખુલ્લાં રહે છે. એ મહાન ધર્માત્માએ સહુને પોતાની વાતોમાં રસ લેતા નિહાળી આગળ ચલાવ્યું :

'આ ભોગ ભુજંગની ફણા જેવા છે. આ સંપત્તિ સમુદ્રનાં મોજાં જેવી ચંચળ છે. સાગરના જુવાળના મોજાંની જેમ એ જ તમને આગળ ધકેલે છે ને એ જ તમને પાછા ખેંચી જાય છે. ને આ રંગભર્યું યૌવન ઇંદ્રધનુ જેવું ક્ષણજીવી છે. બાહુબળ ખરેખર બહુ નિષ્ઠુર છે, સ્વાર્થ ભારે ક્રૂર છે, અજ્ઞાન ભારે અંધ છે, ગર્વ તો સત્યાનાશનું બીજ છે. પ્રેમ અને દયામૂલક ધર્મને આરાધો! ધર્મ એ આત્માનો નિજનો સ્વભાવ છે, – જેમાં પ્રીતિ અને પ્રતીતિનું સુંદર વિશ્વ વસે છે!'

'આ સમતાવંત સાધુના વચને સાતે મિત્રો પર ભારે અસર કરી. રાજા મહાબળે ગાદીત્યાગ કરવાનો ને સંન્યાસ ગ્રહવાનો નિર્ણય કર્યો. પણ એ તો સાતે જણ સાથે હતા –

સંસારમાં કે સંન્યાસમાં. તેઓ એકી સાથે, સાપ કાંચળી તજીને જેમ પાછું વાળીને જોયા વિના ચાલ્યો જાય તેમ, સંસારનાં કામસુખો તજીને જંગલના એકાંતમાં ચાલ્યા ગયા. ત્યાં આત્મા, ધર્મ, પુણ્ય ને પાપની વિચારણામાં એમણે કાયાની માયા વિસરાવી દીધી. ધીરે ધીરે સમાધિમાં (કાયોત્સર્ગ) એવા લીન બન્યા કે હરણાં પોતાના શૃંગની ખજવાળ એમના દેહ સાથે ઉતારતા, સાપ બે પગ વચ્ચે નિરાંતે રાફડા બાંધીને પડ્યા રહેતા, ચકલાં માથામાં માળા નાખતાં.

'એ તપસ્ત્યાગનો ઇતિહાસ શું કહું ? ક્ષુધાર્ત છતાં ન ખાધું, પિપાસિત છતાં અપ્રાસુક જળ ન પીધું, ગ્રીષ્મની અગ્નિજ્વાલામાં શેકાયા ને હેમંતની કડકડતી શીતમાં સ્વસ્થ રહ્યા. સુખદુઃખ વચ્ચેનો ભેદભાવ ધીરે ધીરે એમણે ભૂંસી નાખ્યો ! માન–અપમાન વચ્ચે સરખી બુદ્ધિ કેળવી. રાગ અને દ્વેષના વાયુને સમશીતોષ્ણ કર્યા. એ જ્ઞાન, એ તપ, એ ત્યાગે સાતેને અમરત્વની (દેવપદની) ભેટ કરી. સાતે જણા દેવભૂમિમાં ચાલ્યા, પણ દેવભૂમિ મુમુક્ષુ માટે નકામી, ત્યાં તો માત્ર રંગરાગ ને ભોગ સિવાય કંઈ મળે નહિ. એ માટે તો મોક્ષાર્થીને મનુજદેહ પ્યારો ગણેલ છે. અને ભલા, વેઠ્યા વિના આત્માના સુવર્ણનો ઘાટ પણ કેમ ઘડાય ? એ સાતે મિત્રો આયુષ્ય પૂર્ણ થયે સંસારમાં જન્મ્યા. એ સાત મિત્રો તે આપણે સાત જણા !'

'હે રાજકુમારી, આ શું કહો છો તમે ? એ સાત મિત્રો તે આપણે સાત જણા. નથી માની શકાતું. ક્યાં

વીતરાગતાની મૂર્તિ જેવાં તમે, ને ક્યાં વિષયકીચમાં રમતા કીડાઓ અમે! અરે, પણ તમારા વચને અમને પણ કંઈક સાક્ષાત્કાર થઈ રહ્યો છે. અર્ધનિદ્રામાં જોયેલા સ્વપ્નની જેમ કોઈ અગોચર પ્રદેશ અમારી કલ્પના સમક્ષ ઊઘડી રહ્યો છે. અંધારી અમારી આંખો સામે નવજીવનનાં કોઈ કિરણો પ્રકાશ વેરી રહ્યાં છે: પણ હજી એ બધું આછું આછું છે. કહો, કહો, તમે જ તમારી મીઠી મોહક બાનીમાં કહો કે પૂર્વભવમાં અમે કોણ કોણ હતા? તમારો ને અમારો પ્રીતિયોગ કેવો હતો? અમે કેમ પુરુષ રૂપે પેદા થયા, તમે કેમ સ્ત્રી રૂપે અવતર્યાં? હે રાજકુમારી! હવે તો પરભવનો પ્રીતિયોગ આપણને એક કરી રહ્યો છે! વાસના વિકારના મેઘથી ઘેરાયેલું આકાશ હવે વરસીને સ્વચ્છ થઈ ગયું છે. તમે જેવા રંગો પૂરશો એવા રંગ પૂરાશે.'

'રાજન્યો, બધુંય કહું છું. માનવ-દેહની અશક્તિઓ જાણવા છતાં. માનવ તરફ – જીવ માત્ર તરફ – પ્રેમભાવ રાખવો એનું નામ જ ધર્મ! આપણે બધાએ એવો ધર્મ આરાધેલો. એ આરાધનાએ આપણો ઉદ્ધાર કર્યો. મૃત્યુ પામી આપણે સહુ અમરલોકમાં ગયા. ત્યાંથી આ પૃથ્વી પર આવ્યા.

'મિત્ર અચળ તે સાકેતપુર(કોશલ)નો રાજા પ્રતિબુદ્ધિ તરીકે જન્મ્યો.

'ધરણનો જીવ ચંપાપુરીમાં ચંદ્રછાય રાજા થયો.

'પૂરણ શેઠના આત્માએ શ્રાવસ્તિમાં રાજા રુક્મિનો દેહ ધારણ કર્યો.

'વસુ તે વારાણસીના રાજા શંખ.

'વૈશ્રમણ તે મારી છબી જોઈ મુગ્ધ થનાર, અને તમારા સ્નેહ સંસ્કારોને જાગ્રત કરનાર હસ્તિનાપુરના રાજવી અદીનશત્રુ!'

'છઠ્ઠો મિત્ર અભિચંદ્ર તે કાંપિલ્યપુરના રાજવી જિતશત્રુ.'

'અને તમે કોણ?' બધા રાજાઓ રાજકુમારીના પૂર્વભવ વિષે જાણવા ઉત્સુક બન્યા.

'હું મહાબળ રાજાનો આત્મા!'

રાજકુમારી આટલી વાત કહીને થોભ્યાં, પણ એમના મુખ પર હજી કંઈક વધુ સ્પષ્ટતા કરવાની સૂચકતા હતી. તે વારે કોશલરાજે પ્રશ્ન કર્યો: 'હે વિવેકી રાજકુમારી! ધન્ય છે તમારા જ્ઞાનને! અમારી સ્મૃતિનાં અંધારાં ઉલેચાતાં જાય છે. અમને તમારી વાણી યથાર્થ લાગે છે. અમારી દૃષ્ટિ સમક્ષ એક પવિત્ર ઉજ્જ્વળ ભૂતકાળ એની અશેષ સ્મૃતિઓ સાથે ખડો થતો જાય છે. પણ એક પ્રશ્ન પૂછું? સાત મિત્રોમાંથી છ પુરુષ થયા ને એક સ્ત્રી — એમ કેમ બન્યું વારુ? કર્મ તો સહુનાં સરખાં હતાં ને?'

'હું આ પ્રશ્નની જ રાહમાં હતી. વિવેકી રાજન્યો, મહાબળ રાજા પોતાનું સિંહાસન છાંડીને આવ્યો હતો, એટલે એને એમ હતું કે સહુથી વધુ તપ હું તપું. આ કારણે જ્યારે બધા તપનું પારણું કરવા બેસતા ત્યારે પેલો રાજા

અસત્ય વદતો ને કહેતો : 'મારું માથું દુઃખે છે. પેટ ઠીક નથી. હું કંઈ અન્ન લઈશ નહિ!' આમ કહીને એ પોતાનું તપ આગળ વધારતો. આમ સારા નિમિત્તે પણ એ રાજાએ કપટવ્યવહાર કર્યો, માયા રચી. પ્રકૃતિનો નિયમ છે, કે સાધ્ય જેટલું શુદ્ધ હોય તેટલું સાધન પણ પવિત્ર હોવું જોઈએ. અશુદ્ધ સાધનથી શુદ્ધ સાધ્યની સિદ્ધિ થતી નથી. એ મહાબળ રાજાએ તીર્થંકર પદ તો સાધ્યું, પણ કપટયુક્ત તપથી દેવત્વમાંથી ચ્યવીને મિથિલામાં રાજકુમારી મલ્લિકા તરીકે જન્મ્યો.'

'ધન્ય ધન્ય રાજકુમારી! તમે અમારાં ઉપકારી છો. અમારા નિંદ્ય કૃત્ય માટે અમારા પર દ્વેષ ન ધરશો! અમે અજ્ઞ છીએ.' રાજાઓએ સવિનય કહ્યું. તેમના શબ્દોમાં શરમ હતી. તેમના મોં પર આત્મનિંદાની ગ્લાનિ હતી.

'હું તમારા પર દ્વેષ કરતી નથી; માણસ પર તો પ્રેમ રાખવો ઘટે – દ્વેષ તો એની વૃત્તિઓ સાથે શોભે; જે વૃત્તિઓ તમે પોતે સારા હોવા છતાં તમને ખરાબ કરે છે. તમારા પવિત્ર હૃદયાંગણમાં પ્રવેશેલા ચોરો તરફ મારી ચોકીદારી છે. મારું રાજ મર્ત્યલોક પર નથી. મારે તો અંતરનાં સિંહાસન પર આત્માનાં સામ્રાજ્ય ખડાં કરવાં છે. માણસનું મન માખી જેવું છે; મિષ્ટાન્ન છાંડી વિષ્ટા તરફ જનારું છે. એ મનને મધમાખ જેવું, સર્વ રસોને સાનુકૂળ રીતે સંગ્રહનારું, બનાવવું છે! એ માટે કામસુખો તજવાં, આજીવન બ્રહ્મચર્ય સેવવું ને સંન્યાસ ગ્રહણ કરવાની ઇચ્છા

છે. કહો, મને તમે તેમાં સાથ આપશો કે તમારા જેવું જીવન જીવવા ફરજ પાડશો ?'

'રાજકુમારી! અમારા જીવનથી – અમારા પતનથી અમે શરમાઈ રહ્યા છીએ. તમારા રાહમાં વિઘ્ન ઉપસ્થિત કરવાની વાત તો દૂર રહી, પણ અમને તમારા માર્ગનું અવલંબન કરવાની અનુજ્ઞા આપો. અધૂરો યોગ આ ભવે પૂરો કરી લેવા ઇચ્છા છે!'

'તથાસ્તુ!' રાજકુમારીએ એમની ઇચ્છાનો સહર્ષ સ્વીકાર કર્યો.

[ ૮ ]

સંસારમાં ન ઘટતી ઘટના ઘટી છે. ખાઉં ખાઉં કરતા ભયંકર શસ્ત્રસામગ્રી ને પ્રચંડ સૈન્યબળ સાથે આવેલા છયે છ રાજા વૈરાગ્યવાસિત બન્યા છે. અને રાજકુમારિકાના ચરણમાં ઢળી પડયા છે.

અરે! આશ્ચર્યની તો અવધિ થઈ ગઈ છે! છયે છ રાજા પોતાને દેશ પાછા પરિવર્યા છે. ઐશ્વર્ય અને સંપત્તિ, સાપ કાંચળી ઉતારે તેમ, ઉતારી દીધાં છે! એ બધા વિચારે છે: અરે, આ માયાની ભૂલભુલામણીમાં સાચું સુખ, સાચું સ્મિત ને સાચો આનંદ કદી ન જાણ્યો! હવે તો જઈએ છીએ રાજકુમારી મલ્લિકાને શરણે!

મિથિલાની શેરીઓ એક દિવસ અભૂતપૂર્વ દૃશ્ય નીરખી રહી. ચઢયે ઘોડે આવેલા છયે છ રાજા રાજ-

કુમારી મલ્લિકાની પાછળ સંન્યસ્ત લઈને જંગલની વાટ તરફ આગળ ધપી રહ્યા છે!

ગુરુ યુવા છે, શિષ્યો વૃદ્ધ છે. સહુ તપ ને સમાધિમાં લીન છે, આત્મા ને અગમ્યની શોધમાં મૌન છે! સહુ પ્રજ્ઞાવાન, તપસ્વી, ધૃતિમાન ને જિતેંદ્રિય બન્યા છે! જેમણે એ અદ્‌ભુત દૃશ્ય જોયું છે, એ સંસારનું દ્વાર ફરી જોઈ શક્યા નથી!

સહુનાં નયન નમ્યાં છે; લોચન આર્દ્રતાથી ભીનાં છે. તપ સમાધિમાં લયલીન રાજાઓ વિચારે છે: 'અરે, અંદરના શત્રુ ક્યાં ઓછા હતા, કે બહારના શત્રુ સામે લડવા નીકળ્યા હતા!'

પ્રજાજનો વારી જાય છે! વીજળીના કડાકે પૃથ્વીના બંધ તૂટે, એમ સપ્તર્ષિની જોડલી જોઈ સહુના કર્મના બંધ તૂટવા માટે કડેડાટ કરી રહ્યા છે. સહુ આ રાજ-કુળનાં રત્નોની પ્રશંસાનાં પુષ્પ વેરતાં કહે છે:

'ગાય સુવ્રતા બને એમાં જ ગોપાલની શોભા છે: વસુધા સુશીલા બને એમાં જ રાજપદની ઇતિશ્રી છે.'

ઓગણીસમા તીર્થંકર મલ્લિનાથ ભગવાનનું જીવન સ્વયં એક આશ્ચર્ય છે. અન્ય સર્વ તીર્થંકરોએ પુરુષ શરીર ધારણ કર્યું જ્યારે તીર્થંકર મલ્લિનાથે સ્ત્રી શરીર ધારણ કરી આટલો આત્મવિકાસ સાધ્યો.

રાજકુમારી મલ્લિકાએ વર્ષીદાન આપ્યા બાદ નિર્ધારિત તિથિ પોષ સુદી અગિયારસના દિવસે ત્રણસો પુરુષો અને ત્રણસો સ્ત્રીઓ સાથે ભગવતી દીક્ષા ગ્રહણ કરી. દીક્ષાને દિવસે તેઓને અઠ્ઠમ તપ હતો. બીજા દિવસે મિથિલાના રાજા વિશ્વસેનને ત્યાં પારણું કર્યું.

દીક્ષા લેતાં જ તે મનઃપર્યવજ્ઞાની બની ગયાં અને મનઃપર્યવજ્ઞાની થતાં જ ભગવતી મલ્લિકાયોત્સર્ગ ધ્યાનમાં તન્મય બની અને દિવસના ત્રીજા પહોરે ક્ષપકશ્રેણી લઈને સર્વજ્ઞતા પ્રાપ્ય કરી.

આ અવસર્પિણી કાળમાં સહુથી ઓછા છદ્‌મસ્થ ચારિત્રનો પર્યાય પાળનાર તીર્થંકર ભગવાન મલ્લિનાથ જ છે. એકમાત્ર એમને જ દીક્ષાના દિવસે સર્વજ્ઞતા પ્રાપ્ત થયેલી છે.

દેવેન્દ્રોએ સમવસરણની રચના કરી અને સાધ્વી મલ્લિએ પ્રથમ પ્રવચન આપ્યું. પ્રવચન પછી તીર્થોની સ્થાપના કરવામાં આવી. ઉત્તરે હિમાલય, દક્ષિણે વિંધ્યાચળ, પશ્ચિમે કુરૂક્ષેત્ર અને પૂર્વમાં પ્રયાગમાં તેઓએ ખૂબ વિહાર કર્યો અને અનેક જીવોનું કલ્યાણ કર્યું.

## ભગવાન મલ્લિનાથનો પરિવાર

ગણધર — અઠ્ઠાવીસ ( અધીક્ષક આદિ )

કેવળજ્ઞાની — ત્રણ હજાર બસો

મનઃપર્યવજ્ઞાની — આઠસો

અવધિજ્ઞાની — બે હજાર

ચતુર્દશ પૂર્વી — છસો ચૌદ

વૈવિધ્યલબ્ધિધારી — ત્રણ હજાર પાંચસો
ચર્ચાવાદી — એક હજાર ચારસો
સાધુ — ચાલીસ હજાર

(પ્રવર્તની શ્રી બંધુમતી)

સાધ્વીઓ — પંચાવન હજાર
શ્રાવક — એક લાખ ચોર્યાસી હજાર
શ્રાવિકાઓ — ત્રણ લાખ પાંસઠ હજાર.

મલ્લિ અરિહંત પચ્ચીસ ધનુષ ઊંચાં હતાં. એમના શરીરનો રંગ પ્રિયંગુ સમાન હતો.

સુદીર્ઘ કાળ સુધી ધર્મ–સંઘને પ્રભાવના કરી. પાંચસો સારિકાઓ તથા પાંચસો મુનિઓ સાથે એક મહિનાના આજીવન અનશનથી અવશિષ્ટ કર્મ પ્રકૃતિઓનો ક્ષય કરી સિદ્ધત્વ પ્રાપ્ત કર્યું.

મલ્લિનાથ એક સો વર્ષ ગૃહવાસમાં રહ્યાં અને ચોપન હજાર નવસો વર્ષ કેવલી પર્યાય પાળીને કુલ પંચાવન હજાર વર્ષનું એમનું આયુષ્ય હતું. ફાગણ સુદ બારસના દિવસે ભરણી નક્ષત્રમાં ચંદ્ર હતો ત્યારે એક માસના અનશનવાળાં અને પ્રતિમાએ ઊભેલાં શ્રી મલ્લિનાથ દિવસના પૂર્વ ભાગે પવિત્ર સમેતશિખર પહાડ પર મોક્ષપદ પામ્યાં. શ્રી મલ્લિનાથ અઢારમા તીર્થંકર શ્રી અરનાથના નિર્વાણ પછી હજાર કરોડ વર્ષ બાદ મોક્ષે ગયાં. જૈન ધર્મના દિગંબર સંપ્રદાયમાં મલ્લિનાથને પુરુષ માનવામાં આવે છે કારણ કે એમની માન્યતા અનુસાર સ્ત્રીત્વને મોક્ષ આદિ પ્રાપ્ત થતા નથી.

卐



ત્રીજી શ્રેણી

(૧) ભગવાન મલ્લિનાથ (૨) ઉપાધ્યાય શ્રી યશોવિજયજી

(૩) શ્રી વીરચંદ રાઘવજી ગાંધી (૪) ભગવાન મહાવીરનો અનેકાંતવાદ



સેટની કુલ કિંમત : ત્રીસ રૂપિયા